
*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૪ ઓગષ્ટ ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૫ઃ અંક ૯

( ૪૧૮ )

## સમ્યગ્દ્રષ્ટિને બહાર ક્યાંય સારું લાગતું નથી

**સમ્યગ્દ્રષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી, જગતની કોઈ ચીજ સુંદર લાગતી નથી. જેને ચૈતન્યનો મહિમા ને રસ લાગ્યો છે તેને બાહ્ય વિષયોનો રસ તૂટી ગયો છે, કોઈ પદાર્થ સુંદર કે સારા લાગતા નથી. અનાદિના અભ્યાસને લઈને, અસ્થિરતાને લઈને સ્વરૂપમાં અંદર રહી શકાતું નથી એટલે ઉપયોગ બહાર આવે છે પણ રસ વિના-બધું નિઃસાર, ફોતરાં સમાન, રસ-કસ વગરનું હોય એવા ભાવે-બહાર ઊભા છે. ૩૨**

( 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી )

સમ્યગ્દ્રષ્ટિને સ્વના અંશ સિવાય બહારમાં ક્યાંય ગોઠતું નથી. શુભભાવમાં પણ જ્ઞાનીને સારું લાગતું નથી. આ આત્માની સર્વોત્કૃષ્ટતા આગળ અને અતીન્દ્રિય આનંદનો અનુભવ કે જે ૮૪ ના અવતારમાં ક્યાંય જોયો ન હતો તેની આગળ બહારમાં ક્યાંય ગોઠતું નથી. અંદરમાં સારું લાગવાથી આનંદની અનુભૂતિના કારણે તેને બહારમાં ક્યાંય સારું લાગતું નથી. જગતની કોઈ ચીજ સારી લાગતી નથી. સુંદર લાગતી નથી. મકાન, મહેલ, ફર્નીચર આદિ કોઈ ચીજ સુંદર લાગતી નથી. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ છે તેના પ્રેમમાં એ પ્રેમને ક્યાંય છોડતો નથી. આસક્તિનો પ્રેમ બહારમાં છે પણ મારાપણાનો ક્યાંય પ્રેમ લાગતો નથી.

જેમ દૂધપાકના સ્વાદ આગળ લાલ જૂવારના રોટલાનો સ્વાદ ન આવે તેમ જેણે પ્રભુ આનંદ સ્વરૂપ છે એના સ્વાદ લીધા છે તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, રસ આવતો નથી, એકાકારપણું થતું નથી. સ્વ સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ ને બાહ્ય જ્ઞેયો તે બધાનો રસ તૂટી ગયો છે. ધ્યાનમાં ઊતરે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને આનંદનો રસ આવે એટલી મોકળાશ રાખીને રાગમાં-બહારમાં આવે છે.

જડના અસ્તિત્વનો ક્યાંય રસ આવતો નથી. ચૈતન્યના અસ્તિત્વમાં આવ્યો ત્યાં જડના કોઈ અસ્તિત્વમાં સુંદરતા લાગતી નથી. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયની એકરૂપ અનુભવ દશામાં અનાદિના અભ્યાસને લઈને રહી શકતો નથી તેથી ઉપયોગ બહાર આવે, વિકલ્પમાં આવે છે પણ તેમાં ક્યાંય રસ લાગતો નથી.

ઉપયોગ બહાર આવે પણ રસ વિના બધું નિઃસાર નિઃસાર લાગે, ફોતરાં સમાન લાગે. શુદ્ધ ચૈતન્યના દળની એકાગ્રતાને લઈને પરદ્રવ્યની કોઈ પણ ચીજમાં રસ લાગતો નથી. જેને આત્માનો રસ છે તેને રાગાદિનો રસ ઊડી જાય છે અને જેને રાગાદિનો રસ છે તેને આત્માનો રસ નથી. વિકલ્પ હો, પણ રસ વગરના હોય એવા ભાવે બહાર ઊભા છે. ચૈતન્યના રસવાળો રાગનો આદર કરતો નથી, રાગ થાય છે, હોય છે પણ રાગમાં નિરસતા હોય છે.

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૯




વીર
સંવત
૨૫૦૪
A. D. 1978
AUG.

## સ્વને પોતાપણે જાણે ને પોતારૂપ પરિણમે તે સ્વસમય

શ્રી સમયસારની પહેલી ગાથામાં આચાર્ય મહારાજે પોતાની ને શ્રોતાઓની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને કહ્યું કે હું સમયપ્રાભૃત કહીશ; તેથી અહીં બીજી ગાથામાં સમય એટલે શું તે સમજાવતાં કહે છે કે એક જ વખતે પરિણમવું ને જાણવું એ બે ક્રિયાઓ જેમાં હોય તેને સમય કહે છે. જાણવું અને પરિણમવું એ બન્ને ક્રિયાઓ એક જ વખતે જીવમાં થતી હોવાથી સમયનો અર્થ જીવદ્રવ્ય થાય છે. એ જીવદ્રવ્ય કેવું છે? –કે એ જીવદ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનજ્યોતિસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ છે, ક્રમવર્તી ને સહવર્તી સ્વભાવરૂપ છે, સ્વપરપ્રકાશક એક જ્ઞાનાકારરૂપ છે, અન્ય પાંચ દ્રવ્યોથી ભિન્ન છે તથા એક ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ જીવદ્રવ્ય છે; તેને સમય કહે છે. જે જીવ, કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાનજ્યોતિ ઉદિત થવાથી, એક જ વખતે સ્વને પોતારૂપે જાણે તથા પોતારૂપે પરિણમે તેને હે જીવ! તું નિશ્ચયથી સ્વસમય જાણ. જે જીવ મોહરાગદ્વેષાદિ ભાવો મારા છે એમ જાણે ને તેમાં એકત્વપણે પરિણમે તેને હે જીવ! તું નિશ્ચયથી પરસમય જાણ.

[ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૫–૬–૭૮ ]

આચાર્ય મહારાજ સમયપ્રાભૃત કહેવા માગે છે, તો એ સમય શું છે? કોને સમય કહેવો? –તેથી એ સમયને પહેલાં અહીં કહે છે. ભગવાન આત્મા જીવ છે, દર્શન–જ્ઞાન આદિ તેનું જીવન અનાદિથી છે. 'जीवो' -જે રીતે જીવ છે તે રીતે જીવે તેને જીવ કહીયે; એ વાત અહીં આચાર્યમહારાજ સમજાવે છે :

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

હે ભવ્ય! પર્યાયમાં દર્શન–જ્ઞાન–ચારિત્રસ્થિત થઈ રહ્યો છે તેને જીવ જાણ. જીવ ત્રિકાળી દર્શન–જ્ઞાન આદિથી તો છે પણ પર્યાયમાં જે દર્શન–જ્ઞાન–ચારિત્રથી સ્થિત થઈ રહ્યો છે તેને સાચો જીવ જાણવો. પોતાના ભગવાનની સન્મુખ થઈને પ્રતીતિ, તેનું જ્ઞાન ને તેમાં સ્થિરતા થઈ તેને સ્વસમય જાણ.

ઢોર જેમ ખાઈને વાગોળે તેમ આ સાંભળીને ઓગાળવું જોઈએ–વારંવાર મંથન કરવું જોઈએ. જીવ તેને કહીયે કે જેની દશામાં દશાવાનની પ્રતીતિ છે, જેની દશામાં દશાવાનનું જ્ઞાન છે ને જેની દશામાં દશાવાનની સ્થિરતા થઈ છે; તેને હે ભવ્ય! તું જીવ જાણ–સ્વસમય જાણ, એમ કુંદકુંદાચાર્યદેવ આદેશ કરે છે, કેમ કે આ તો તું કરી શકીશ.

ભાષા કેવી લીધી છે કે જીવ દર્શન–જ્ઞાનમાં ઠર્યો એટલે કે જે જીવ પર્યાયમાં ઠરે તેને સ્વસમય જાણ! અનાદિથી વિકારમાં ઠરે છે તે તો અણાત્મા છે પણ જે જીવ પોતાની સંપદાની પ્રતીતિ કરે છે, તેને જાણે છે અને તેમાં તે ઠરે છે એ સાચો જીવ છે. જીવ દર્શન–જ્ઞાન–ચારિત્રમાં ઠરે છે એમ કહ્યું. કેમ કે અનાદિથી રાગાદિમાં જીવ ઠરતો હતો તે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં ઠરે છે એમ કહ્યું. જે જીવ પોતાની નિર્મળ પર્યાયમાં ઠરે છે તેને સ્વસમય જાણ, જીવ જીવમાં તો રહ્યો જ છે પણ જે જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રમાં ઠરે છે તેને સ્વસમય–આત્મા જાણ! જીવ જીવમાં તો રહ્યો જ છે પણ રહેલો છે એવું જાણ્યું કોણે? પરમ સ્વભાવભાવ પોતામાં રહ્યા છે એવું જાણ્યું કોણે?–કે આ જીવ છે એમ જાણીને પ્રતીતિ થઈ તેણે સ્વસમયને જાણ્યો કહેવાય.

ભગવાન આત્મા પૂરણ જ્ઞાનથી તો ભરેલો છે, પણ એમ જાણ્યું કોણે? જાણ્યા વિના માન્યું કોણે? આહાહા! ગજબ વાત છે, એક એક ગાથા ને એક એક પદ! સિદ્ધપદના ભણકારા વાગે છે. જીવ અનંત અપરિમિત ગુણનો ભંડાર છે પણ જેણે જાણ્યું

નથી તેણે એ માન્યું ક્યાં છે? કારણપરમાત્મા તો મૌજૂદ છે પણ દ્રષ્ટિમાં તો તે આવ્યો નથી તેથી તેને કાર્ય પરમાત્મા ક્યાંથી આવે? જેને કારણપરમાત્માની કબૂલાત આવે તેને કારણપરમાત્મા છે અને તેને કાર્યપરમાત્મા આવ્યા વિના રહે જ નહીં.

અરે ભગવાન! એક વાર સાંભળતો ખરો બાપુ! ધ્રુવ તો હતું જ, પણ તે નિર્મળ પર્યાયમાં આવ્યું તેને જીવ જાણ એમ અહીં કહ્યું છે. પર્યાયમાં જણાયો ત્યારે તેને આત્મા કહેવાયો, જણાયો નથી તેને તો આત્મા છે જ ક્યાં? જેવડી ચીજ છે એવડી પ્રતીતિમાં આવી તેને આત્મા કહીયે.

## ❁ અગાધ ને ગંભીર આત્મસ્વભાવ ❁

હે ભવ્ય જીવ! દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત જીવને સ્વસમય જાણ. અહીં મુખ્યપણે ત્રણ ગુણની દશા લીધી છે પણ અનંતગુણની વર્તમાન પર્યાયમાં સ્થિત થાય તેને આત્મા કહ્યો છે. આત્મા તો આત્મા છે જ, પણ જેના ખ્યાલમાં આવ્યો તેને આત્મા–સ્વસમય કહેવાય છે.

આત્મામાં ગુણ તો અનંત છે. જેમ આ આકાશના પ્રદેશની આ અક્ષર છે ત્યાંથી શરૂઆત કરીએ તો દરેક દિશામાં અનંત પ્રદેશ છે અને બધી દિશાની અનંત શ્રેણી ભેગી કરીએ તો અનંત અનંત પ્રદેશ છે. તેમ આત્મામાં આકાશના પ્રદેશ કરતાં સંખ્યાએ અનંતગુણા ગુણ છે, તેમાં પહેલો–પછી એમ ગુણ નથી, પરંતુ તેમાં ગણતરીની શરૂઆત કરવા જાય તો તેમાં છેલ્લો કયો ગુણ?–એ તો અનંત છે.

અનંત ગુણો એક સાથે હોવા છતાં ગણતરીથી ગણવામાં આવે તો છેલ્લો ગુણ કયો?–કે છેલ્લો છે જ નહીં! આહાહા! આ તે કાંઈ વાત છે! આત્મામાં અનંત ગુણો છે તેમાં પહેલો–પછી ગુણ નથી પરંતુ આ એક, આ બે એમ ગણતરીમાં લેતાં તેમાં છેલ્લો ગુણ ક્યો?–અરે! આવું નિજ તત્ત્વ એણે અંતરથી કદી જાણ્યું નથી! અરે! એણે નિજ તત્ત્વને જાણવાનો પ્રયત્ન કર્યો નથી.

અહીં તો કહે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત જીવને સ્વસમય જાણ. એ જીવમાં ગુણોની એટલી સંખ્યા છે કે તેનો ક્યાંય છેડો–આ છેલ્લો ગુણ એમ નથી. અનંત અનંત અનંત અનંત ગુણ જેમાં છે એવું આ તત્ત્વ છે અને તેમાં અનંતી પર્યાય છે. તે પર્યાયમાં પહેલી–પછી એમ નથી છતાં તેમાં ગણતરી માંડો તો છેલ્લી કઈ પર્યાય? ક્ષેત્રથી જેનો અંત નથી એવા આકાશના પ્રદેશો કરતાં અનંતા ગુણો આત્મામાં છે, તે રહ્યાં છે અસંખ્ય પ્રદેશમાં અને એક સમયમાં, છતાં તેમાં છેલ્લો છેલ્લો છેલ્લો ગુણ કયો? અસંખ્ય પ્રદેશમાં, અનંતની સંખ્યામાં છેલ્લો ગુણ કયો? છેલ્લાનો કોઈ છેડો છે જ

નહીં. અનંત ગુણની એક સમયની અનંતી પર્યાય કે જે અસંખ્ય પ્રદેશના છેલ્લા અંશમાં છે તે પર્યાયમાં આ છેલ્લી પર્યાય એમ ગણતરીમાં છે જ નહીં. સમય એક, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ અને ભાવની સંખ્યાનો ક્યાંય છેડો નહીં! અને એની અનંતી પર્યાય, સમય એક અને અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ–છતાં ત્યાં આ છેલ્લી પર્યાય એમ નથી. આહાહા! આવું તત્ત્વ સર્વજ્ઞ ભગવાન સિવાય કોઈએ જોયું નથી ને કહ્યું નથી.

અનંતી પર્યાયમાં છેલ્લી પર્યાય નહીં, એવી જ્ઞાનની એક પર્યાય જ્ઞેય પ્રમાણે. જ્ઞેય કેટલા?–અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ એ જ્ઞેય. જ્ઞાન જ્ઞેય પ્રમાણે, એ જ્ઞેય કેટલા?–કે લોકાલોક પ્રમાણે. એક સમયની પર્યાયમાં પ્રમેય લોકાલોક. જેના ભાવનો અંત નથી એવા અનંતા આત્માઓના ને પરમાણુના ગુણો ને તેની પર્યાયો એક સમયની શ્રુતજ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય તો કેવળજ્ઞાનની તો વાત શું કરવી! એવી એક સમયની પર્યાયમાં પણ અનંતા અવિભાગપ્રતિચ્છેદ!

અનંતા દ્રવ્યો ને તેના અનંતા ગુણો કે જેનો પાર નહીં ને એક એક ગુણની પર્યાય કે જેનો પાર નહીં એનો પાર શ્રુતજ્ઞાનની પર્યાયે જાણી લીધો. એ જ્ઞાનની એક સમયની પર્યાયે આવા અનંતા પદાર્થવાળા લોકાલોકને જાણ્યા તો એટલા ભાગ એ પર્યાયમાં પડી ગયા, અંશો પડી ગયા, કેટલા અંશો?–કે અંશનો છેડો નહીં.

ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભાવ અનંત, પર્યાય અનંત, એ અનંતનો ક્યાંય પાર નથી. એવા અનંત દ્રવ્યો ને તેના અનંત ગુણો કે જેનો અંત નહીં, ભલે એક સમયે હો પણ સંખ્યાએ અંત નહીં છતાં પણ એક સમયની પર્યાયમાં તે જણાઈ જાય, તે જાણનારી પર્યાયના ભાવ કેટલા?–કે અનંતા અવિભાગપ્રતિચ્છેદ! એવા અવિભાગપ્રતિચ્છેદના ભાગમાં છેલ્લો કયો?–કે અંત નથી. છતાં જ્ઞાનની પર્યાય તેનો અંત લઈ લે છે, જાણી લે છે, પરંતુ જાણી લે છે માટે ત્યાં અંત છે એમ નથી. જ્ઞાનની પર્યાયનું પરિણમન થતાં તેમાં તે જણાઈ જાય છે. આવા જે અનંતા ગુણો અને અનંતી પર્યાયો–છેડા વિનાની છે એવા દ્રવ્યની દ્રષ્ટિ થાય તેના રસ આગળ તેને રાગનો રસ રહે નહિ.

અહીં કહે છે અનંત ગુણોનું એકરૂપ તત્ત્વ જે જીવ તે જ્યારે પોતાની નિર્મળ પર્યાયમાં સ્થિત થાય છે ત્યારે તેના જેટલા ગુણ છે તેના અંશ વ્યક્તરૂપે પ્રગટ થાય છે. શુદ્ધિમાં કેટલાક ગુણની શુદ્ધિ થાય ને કેટલાક ગુણની ન થાય એમ નથી, પરંતુ અહીં તો મોક્ષમાર્ગની અપેક્ષાએ દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત એમ કહ્યું છે. પરંતુ જેનો છેડો નથી એટલા ગુણો અંશે વ્યક્ત થાય છે, તેમાં સ્થિત છે તે સ્વસમય છે.

જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત છે એટલે બધા ગુણો તે વિકારી પર્યાયમાં

સ્થિત નથી અને કર્મના જે પરમાણુ છે તે વિભાવરૂપે પરિણમેલ છે, વિભાવરૂપે પરિણમનમાં કર્મની પર્યાયરૂપે બધા ગુણો પરિણમ્યા છે એમ નથી. જેમ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્રમાં સર્વ ગુણ વ્યક્તપણે પરિણમ્યા છે તેમ કર્મના પરમાણુમાં બધા ગુણો વિકારપણે પરિણમ્યા છે એમ નથી, આત્મામાં પણ એમ છે. આત્મામાં જે અશુદ્ધપણું છે તેમાં બધા ગુણો અશુદ્ધપણે થાય છે એમ નથી. કેટલાક ગુણો અશુદ્ધ થાય છે બાકી કેટલાક ગુણો તો અભવિને પણ પર્યાયમાં સદા શુદ્ધ રહે છે; જેમ કે અસ્તિત્વ ગુણ સદાય શુદ્ધપણે જ પરિણમે છે.

એક શ્લોકમાં કેટલું સમાડી દીધું છે! કર્મના પ્રદેશ કહ્યા, પણ એ તો પરમાણુ જડ છે, પણ તેનો જે અનુભાગ છે તેના તરફના લક્ષમાં જઈને જે વિકાર તરીકે પરિણમ્યો છે તેને અણાત્મા–પરસમય કહેવામાં આવે છે.

જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશમાં સ્થિત છે એટલે કે વિકાર એ કર્મનો સ્વભાવ છે આત્માનો સ્વભાવ નથી તેથી પુણ્ય–પાપના પરિણામમાં જે સ્થિત છે તેને પરસમય જાણ. કેમ કે પર્યાયમાં વિકારપણે થવું એ આત્મા નથી, એ આત્માનો સ્વભાવ નથી. વિકારપણે થવું તે અણાત્મા છે.

સમય શબ્દનો અર્થ આ પ્રમાણે છે 'સમ્' એટલે એકપણું અને 'અય ગતૌ' ધાતુ છે તેનો અર્થ ગમન પણ છે અને જ્ઞાન પણ છે. તેથી પરિણમન અને જાણવું એવી બે ક્રિયાને એક સમયમાં એકત્વપણે કરે તે સમય છે. આત્માને સમય કેમ કહ્યો ?–કે એક સમયમાં પરિણમે અને જાણે એવી બે ક્રિયા કરે છે તેથી આત્માને સમય કહ્યો છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ કાળે પરિણમે પણ છે ને જાણે પણ છે તેથી તે સમય છે. જાણવાનું કાર્ય પણ કરે ને પરિણમે એમ બે ક્રિયા એક જ સમયે એકત્વપૂર્વક કરે તેને સમય–આત્મા કહે છે.

સમયસાર સાંભળવા ને સમજવા મળે–એ કરવાનું છે, બાકી તો આ બધું ઢોર જેમ જેઓ એકલા રાગાદિ ને ધંધાદિ કર્યા કરે છે તે ઢોર થવાના! આ સમજી લેવા જેવું છે. અહીં તો કહે છે કે એક સમયમાં, ધ્રુવ ધ્રુવપણે રહીને અનંતા ગુણોનું હલચલ–પરિણમન થાય અને તે જ સમયે જ્ઞાન તેને જાણે એવી બે ક્રિયાને એકત્વપૂર્વક કરે તે સમય છે. એકત્વપૂર્વક બે ક્રિયા કરે, કાળભેદ નહીં. જે વખતે પરિણમે તે વખતે જ જાણે. જ્ઞાન પોતે જે સમયે પરિણમે છે તે જ સમયે પોતાને જાણે છે. એક જ સમયે અનંતગુણ પરિણમે છે, જ્ઞાનગુણ પણ પરિણમે છે અને તે જ સમયે જ્ઞાન બધાને જાણે છે. હજી તો આત્મા કોને કહેવો તેની વાત ચાલે છે. જ્ઞાનનું ને અનંતગુણનું પરિણમન એક જ

સમયમાં છે અને તે જ સમયે તેને જાણે છે, પરિણમવું ને જાણવું ભિન્ન ભિન્ન સમયમાં નથી.

## ❀ જીવનું લક્ષણ: ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ ❀

આ જીવ પદાર્થ કેવો છે?–કે સદાય પરિણમનસ્વરૂપ છે. તેની પર્યાયનું સદાય એક ધારાપ્રવાહે પરિણમવું છે. નવી પર્યાય ઉત્પન્ન થાય ને જૂની વ્યય થાય–એ રીતે સદાય ક્રમસર પરિણમન થાય છે, સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો એ ધ્રુવ છે. પરિણમનસ્વરૂપ ઉત્પાદ–વ્યય અને સ્વભાવમાં રહેલો તે ધ્રુવ છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વરૂપમાં રહેલો છે એટલે કે પરિણમનમાં રહેલો છે તે ઉત્પાદ–વ્યય અને કાયમી નિત્ય રહેલો છે તે ધ્રુવ. જીવ પદાર્થ ટકતી ને બદલતી ચીજ છે.

સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ–વ્યય–ધ્રુવની એકતારૂપ અનુભૂતિ એટલે કે ત્રણનું એકપણે થવું એ જેનું લક્ષણ છે; ઉત્પાદ–વ્યય –ધ્રુવને અનુસરીને થવું એ જેનું લક્ષણ છે, એવી સત્તાથી સહિત તે જીવ–પદાર્થ છે. આ વિશેષણથી જીવની સત્તાને નહીં માનનાર નાસ્તિકવાદીના મતનું તથા જીવને અપરિણામી માનનારા સાંખ્યવાદીના મતનું ખંડન થયું.

## ❀ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ જીવ ❀

વળી જીવ કેવો છે?–કે તેનું સ્વરૂપ તો ચૈતન્ય છે. જાણવું–દેખવું તેનું કાયમી સ્વરૂપ છે. ચૈતન્ય સ્વરૂપથી નિત્ય ઉદ્યોતરૂપ પ્રકાશમાન જીવ છે. ત્રિકાળી તત્ત્વ કેવું છે તેની વાત કરી કે ચૈતન્યસ્વરૂપ નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શન–જ્ઞાન જ્યોતિસ્વરૂપ છે. એ તો પ્રત્યક્ષ દર્શન–જ્ઞાન જ્યોતિ સ્વરૂપ જીવપદાર્થ છે. જીવ દ્રવ્ય છે તે ત્રણે કાળે ચૈતન્યપણાને કારણે દર્શન–જ્ઞાનસ્વરૂપ છે. અહીં તો ત્રિકાળીની દ્રષ્ટિ કરાવીને દર્શન –જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થયેલો તે સ્વસમય છે એમ બતાવ્યું છે.

## ❀ અનંત ધર્મોમાં રહેલું જીવદ્રવ્ય ❀

વળી કેવો છે?–કે અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું તે દ્રવ્ય છે. કેમ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્ય છે. દર્શન–જ્ઞાન આદિ ધર્મો અપાર છે અને તે ગુણો એક ગુણ જ્યાં વ્યાપક છે ત્યાં અનંતગુણો વ્યાપક છે. ધર્મો અનંત કે જેનો કોઈ અંત નહીં ને એ ધર્મોમાં દરેક ધર્મ વ્યાપક છે, એટલે?–કે આત્મામાં અનંત ગુણ છે તેમાં જ્ઞાન ગુણ ઉપર ને બીજો ગુણ નીચે–એમ ક્ષેત્રભેદ નથી, જ્યાં જ્ઞાન ગુણ છે ત્યાં બીજા ગુણો વ્યાપક છે.

જેમ આંગળીનું ઉપરનું રજકણ નીચેના રજકણની સાથે નથી તેમ ગુણોમાં નથી. અનંતા ગુણો એકીસાથે છે. જેમ કેરીમાં રંગથી દેખો તો, ગંધથી દેખો તો, તે આખી કેરીમાં વ્યાપક છે. તેમ અનંત ધર્મો છે તેમાં જ્યાં એક ધર્મ છે ત્યાંજ બીજા અનંતા ધર્મો છે. એક ગુણ છે તે બીજારૂપે થયો નથી પણ જ્યાં એક ગુણ છે ત્યાં બીજા અનંતગુણો વ્યાપક છે. એવા અનંત ગુણોમાં વ્યાપક તે દ્રવ્ય છે. આ વિશેષણથી વસ્તુને જ્ઞાનાકારસ્વરૂપ નહીં માનતા મતનો નિષેધ થયો.

હજુ તો '**जीवो**' ની વાત ચાલે છે. અહીં જે અનંત ધર્મો કહ્યાં છે તેમાં ગુણોની વાત છે, પર્યાયની વાત નથી, તેમ પુણ્ય-પાપના પરિણામની તો વાત છે જ નહીં. અનંત ગુણોનું એકરૂપ તે દ્રવ્ય છે-એમ કહીને હવે પર્યાય સિદ્ધ કરે છે.

## ❁ ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો સ્વરૂપ જીવ ❁

ક્રમરૂપ એટલે કે ક્રમે ક્રમે, એક પછી એક, પરંતુ એક પછી ગમે તે એક એમ નથી. એક પછી જે પર્યાય થવાની છે તે એક પછી એક, એનું નામ ક્રમરૂપ-ક્રમવર્તી. એવો એ ક્રમવર્તી પર્યાયનો ધર્મ છે અને તેમાં એવો કોઈ સ્વભાવ નથી કે પરને લઈને થાય એ તો પોતાની મેળે જ ક્રમવર્તી થાય છે. ગુણો છે તે ત્રીછા છે, એકી સાથે છે અને પર્યાય છે તે એક પછી એક છે. ગુણો છે તે એકી સાથે છે એટલે કે એક ઉપર એક એમ નહીં પણ બધા એક સાથે વ્યાપેલા છે છતાં એક ગુણ બીજા ગુણરૂપે થયો નથી માટે અક્રમે છે. અનંત ગુણો અક્રમવર્તી છે, ત્રીછા છે, તેમાં આ ગુણ પહેલો ને આ ગુણ છેલ્લો એમ નથી. વસ્તુ છે તેમાં અનંત ગુણ છે તેને કાળભેદ નથી એક સાથે છે અને અનંત ગુણ છે તેમાં છેલ્લો ગુણ કયો ?-તેનો અંત નથી.

ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા, પ્રવર્તતા એટલે ?-કે પર્યાય છે તે પ્રવર્તતા એટલે કે પરિણમે છે અને અક્રમરૂપ પ્રવર્તતા એટલે કે ગુણો છે તે એકી સાથે રહેલા છે. એ રીતે ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો એ જેનો સ્વભાવ હોવાથી એટલે કે ક્રમે પ્રવર્તવું એ પણ જીવનો સ્વભાવ છે અને અક્રમે પ્રવર્તવું એ પણ જીવનો સ્વભાવ છે. આ તો ભરતક્ષેત્રની ઊંચામાં ઊંચી વાત છે, સત્યને બતાવનારું શાસ્ત્ર છે.

જ્યાં એક ગુણ વ્યાપેલો છે ત્યાં અનંતગુણ વ્યાપેલા છે. એક પછી એક ગુણનો થોકડો-થપ્પી નથી, ત્યાં તો એકીસાથે વ્યાપેલા છે તથા જે પર્યાયો છે તે એક પછી એક ક્રમે છે, પાંચમાં સમયે થનારી પર્યાય બીજા સમયે થાય એમ નથી. એક પછી એક ક્રમસર થાય એવી અનંતી પર્યાયો છે અને અનંતા ગુણો છે કે જેની સંખ્યાનો

કોઈ છેડો નથી. આ છેલ્લામાં છેલ્લો ગુણ છે એવું જેને લાગું પડતું નથી એવા અક્રમરૂપ પ્રવર્તતા અનેક ગુણો છે તેને અંગીકાર કરનારું જીવદ્રવ્ય છે.

આહાહા! આ સમયસાર શું ચીજ છે!–એકવાર આપણે સાંભળ્યું છે એટલે બસ!–એવું નથી હો! કહે છે કે આવા અગાધ ગુણ–પર્યાયોવાળું દ્રવ્ય છે. અનંતા ગુણો એક સાથે રહેલા છે માટે તેને સહવર્તી પણ કહે છે. સંખ્યાનો પાર નથી એવા ત્રીછા ગુણ એકબીજાની સાથે વર્તે છે માટે સહવર્તી છે. દ્રવ્યની સાથે ગુણો રહે છે માટે સહવર્તી છે એમ નથી, પરંતુ ગુણની સાથે ગુણ રહે છે માટે સહવર્તી છે.

દેહથી ભિન્ન જીવ પદાર્થ કઈ રીતે છે ને તેમાં ગુણને પર્યાય કઈ રીતે પ્રવર્તી રહ્યાં છે તે વાત છે. અનંતકાળથી રખડી રહ્યો છે પણ રખડનારો કોણ છે? કેમ રખડી રહ્યો છે? –એ કદી જાણ્યું નથી. કાં તો કર્મે ભૂલ કરાવી એમ માન્યું પણ એમ નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો કહ્યું છે કે જિન–આજ્ઞા માને તો કર્મના લઈને વિકાર થાય એવી અનીતિ સંભવે નહીં!

અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યું છે. કુંદકુંદાચાર્યે તીર્થંકર જેવું કામ કર્યું છે ને અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. આવી ટીકા ભરતક્ષેત્રમાં તો બીજે નથી પણ દિગંબરમાં પણ બીજે આવી ટીકા નથી. આ તો શ્રોતાને હલાવી નાખે તેવી ટીકા છે.

આ તો ભાઈ! નિવૃત્તિનું કામ છે, નિવૃતિ લઈને પછી વસ્તુ તદ્દન નિવૃત સ્વરૂપ છે, એને જાણવા માટે ભાઈ! બહુ વખત લેવો જોઈએ, નહીંતર એના જન્મ–મરણ નહીં મટે બાપા! એ ૮૪ ના અવતાર ભાઈ! આ દેહ છૂટયોને ક્યાં જશે ભાઈ! કેમ કે દેહ છૂટશે પણ આત્માનો કાંઈ નાશ થશે? આત્મા તો રહેવાનો છે. આહાહા! આ બધું છૂટી જશે ને એ એકલો રહેશે ક્યાં? આ બધા મારા મારા મારા કરીને મમતામાં મિથ્યાત્વમાં વખત ગાળ્યો એ ભવિષ્યમાં મિથ્યાભ્રમમાં રહેશે! અને એના ભ્રમના ફળ રખડવાના અવતાર! કોઈ જાણીતા સગા વ્હાલા ત્યાં નથી. કોઈ સ્ત્રી પુત્ર ત્યાં નથી, કોઈ ફૈબા–ફૂવા, માસી–માસા ત્યાં નથી. એકલો જઈને એકલો વસશે–ઊંધે રસ્તે! એટલે એક વાર સમજ બાપુ! તું કોણ છો, કેવડો છો, એ આત્માને સ્વસમય ક્યારે કહી શકાય અને એને પરસમય કેમ કહેવાય છે એ વાત સમજ.

## ❀ એક જ્ઞાનાકારરૂપ જીવ ❀

અહીં કહે છે કે વળી તે કેવો છે?–કે જીવદ્રવ્યમાં એટલું સામર્થ્ય છે કે પોતાને ને પરને જાણવા છતાં એક જ્ઞાનરૂપ રહ્યો છે. અનેક જ્ઞેયોને જાણવા છતાં તે જ્ઞેયરૂપ થયો નથી

અનેક જ્ઞેયોને જાણવા છતાં એક જ્ઞાનરૂપ તે રહ્યો છે. જેમાં અનેક ભાવો પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ વસ્તુ છે. પરને જાણતાં પરરૂપે તો નહીં, પરને લઈને તો નહીં પણ પોતાના જ્ઞાનના અસ્તિત્વને લઈને એકરૂપ રહીને જાણે છે. આ વિશેષણથી જ્ઞાન પરને જાણતું નથી એ વાતનો નિષેધ કર્યો. પરમાં તન્મય થઈને જાણતો નથી એ બરાબર છે પણ પોતામાં પોતાપણે રહીને પરને બરાબર જાણે છે, પરને જાણવા કાળે જાણવાની પર્યાય પોતાની છે, પોતામાં રહીને જાણે છે. આ તો **'જીવો'** ની વ્યાખ્યા ચાલે છે.

અનેકને જાણવા કાળે પણ જીવની પર્યાય એકરૂપે પોતાના જ્ઞાનરૂપે રહે છે. પર જ્ઞેયરૂપે અનેકને જાણતાં પર જ્ઞેયરૂપે તે જ્ઞાન થતું નથી. અગ્નિને જાણતું જ્ઞાન અગ્નિરૂપે થતું નથી, જ્ઞાન તો જ્ઞાનરૂપે રહીને જ અગ્નિને જાણે છે, એમ જ્ઞાન પોતારૂપે રહીને અનંત જ્ઞેયોને જાણે છે. એ અનંત જ્ઞેયને જાણતાં અનેકપણાના ખંડખંડ જ્ઞાનમાં થઈ ગયા છે એમ નથી.

જેમાં અનેક વસ્તુનો આકાર પ્રતિભાસે છે. આકાર પ્રતિભાસે એમ કહેવું એ નિમિત્તની વાત છે. એ તો પોતાની પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે સ્વને ને પરને જાણવાના સામર્થ્યરૂપે પોતે પરિણમે એવું પોતાના પરિણમનની પર્યાયના અસ્તિત્વનું સામર્થ્ય છે, પર છે માટે પરને જાણે છે એમ નથી. જે પર છે તે સંબંધીનું જ્ઞાન તે જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. પોતે પોતામાં રહીને સ્વને ને પરને જાણતાં જ્ઞાન અનેકરૂપે થઈ ગયું છે એમ નથી, જ્ઞાનની પર્યાય તો પોતે એકરૂપ રહી છે.

વસ્તુ છે તેમાં પર્યાય બદલે છે, જૂની અવસ્થા જાય ને નવી ઉત્પન્ન થાય ને વસ્તુ છે તે કાયમ રહે. એ રીતે ઉત્પાદ–વ્યય ધ્રુવ સહિત જીવ છે. શ્રી જયસેનાચાર્યની ટીકામાં તો જ્ઞાન–દર્શન–આનંદ આદિથી જીવે તેને નિશ્ચય જીવ કહીએ તેમ કહ્યું છે.

## ❀ અન્ય દ્રવ્યોના વિશિષ્ટ ગુણોના અભાવને લીધે અન્ય દ્રવ્યોથી ભિન્ન ❀

વળી તે જીવ કેવો છે?–કે અન્ય દ્રવ્યોના વિશિષ્ટ ગુણોનો જીવમાં અભાવ છે. એટલે કે આકાશદ્રવ્યનો વિશેષ ગુણ અવગાહન છે તે આત્મામાં નથી, એ રીતે ધર્માસ્તિકાયનો ગતિસ્વભાવ, અધર્માસ્તિકાયનો સ્થિતિસ્વભાવ તથા કાળદ્રવ્યનો વર્તનાહેતુપણું ને પુદ્‌ગલમાં રૂપીપણું છે તે તે દ્રવ્યોના વિશેષ ગુણ છે, એ ગુણનો જીવમાં અભાવ છે તથા જાણવું–દેખવું એવો ત્રિકાળી ચૈતન્યસ્વભાવ આત્માનો હોવાથી ચૈતન્યવસ્તુ જગતના પાંચે પદાર્થોથી–આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલથી ભિન્ન છે.

## ❀ ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ જીવ ❀

ચૈતન્ય પદાર્થ બીજા અનેરા અનંતા દ્રવ્યો સાથે એક જગ્યાએ રહેવા છતાં પણ

પોતે પોતાના સ્વરૂપથી કદી છૂટતો નથી. જાણન–દેખન સ્વરૂપ છે તે બીજા અનેક દ્રવ્યો સાથે એકક્ષેત્રાવગાહે રહ્યો હોવા છતાં ચૈતન્યસ્વરૂપ છે તે નાશ પામતો નથી. પોતાના સ્વરૂપથી નહીં છૂટવાથી ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે. જાણન સ્વરૂપ, સત્ સ્વરૂપ, જેનો અંત નહીં, આદિ નહીં એવો ચૈતન્યસ્વરૂપ આત્મા અનાદિથી છે. છે તેને આદિ ન હોય, છે એનો નાશ ન હોય, છે તે પોતાના ગુણથી ખાલી ન હોય, જેવો છે તેવો અનાદિ ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે.

એ રીતે સાત વિશેષણો વડે **'જીવો'** ની વ્યાખ્યા કરીને હવે સ્વસમયની ને પરસમયની વાત કરે છેઃ

## ❀ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ❀

ચૈતન્ય સ્વરૂપી જીવ છે, સર્વજ્ઞ સ્વભાવી જીવ છે, એનું ધ્યાન કરીને જેમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેમ લીંડી પીપરને ચોંસઠ પહોર ઘૂંટવાથી ચોંસઠ પહોરી તીખાશ બહાર આવે છે, કેમ કે તેમાં પૂરેપૂરી તીખાશ હતી તેથી તેને ઘૂંટવાથી બહાર આવી છે. તેમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ સ્વભાવી ગુણ છે, અંદર પૂરું જ્ઞાન છે, એવા પૂરણ જ્ઞાન ને પૂરણ આનંદ સ્વરૂપ ભગવાનને પર્યાયમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. કઈ રીતે?–કે રાગને ભિન્ન પાડીને અંતરમાં એકાગ્રતા કરવાથી શક્તિમાં જે સર્વજ્ઞપણું છે તે વ્યક્ત થાય છે. આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ ભર્યો છે, તેને દયા–દાન આદિના વિકલ્પથી ને પરથી જુદો પાડીને આત્મામાં એકાગ્ર થતાં તેમાં જે સર્વજ્ઞપણું પડયું છે તે પ્રગટ થાય છે. કેવળજ્ઞાનનો ઉપાય આ છે કે રાગથી ને પરથી જુદા પડીને સ્વમાં એકાગ્ર થવું.

કેવું છે કેવળજ્ઞાન?–કે સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ છે. એ કેવળજ્ઞાન વ્યવહાર કરતાં કરતાં પ્રગટ થશે એમ નથી પણ ભેદજ્ઞાનજ્યોતિથી, વ્યવહારના વિકલ્પથી ખસતા ને સ્વમાં વસતા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે કે જે સર્વ પદાર્થોને જાણનારું છે. ભેદજ્ઞાન કહો કે મોક્ષમાર્ગ કહો તેના વડે કેવળજ્ઞાન કહો કે મોક્ષ કહો તે પ્રગટ થાય છે. તેથી મુક્તિ પ્રાપ્ત કરનારે પરદ્રવ્યથી ભિન્ન પડીને પોતાના દ્રવ્યમાં એકાગ્રતા કરનાર ભેદવિજ્ઞાનને પ્રથમ પ્રગટ કરવું.

ભાઈ! જાણવું એ કોનો સ્વભાવ છે? વિચાર તો ખરો. એ તો તારો જ સ્વભાવ છે અને જે સ્વભાવ છે તે પૂરણ હોય, અધૂરો ન હોય, માટે જાણવું એવો તારો પૂરણ સર્વજ્ઞ સ્વભાવ છે. તેથી ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં ને દયા–દાન આદિ રાગથી ભિન્નતા કરતાં એ સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ થાય છે. જેના સ્વભાવમાં ભવ ને ભવનો ભાવ નથી એવો

તું પરિપૂર્ણ જ્ઞાન ને આનંદ આદિ શક્તિથી ભરેલો છે, માટે જે તારામાં નથી એવા પુણ્ય–પાપના ભાવથી જુદો પડી તારા સ્વભાવનો આદર કરે તો તું દુઃખથી મુક્તિ ને પરમાનંદની પ્રાપ્તિને પામશે.

## ❀ દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત સ્વસમય ❀

એ રીતે જ્યારે આ આત્મા એટલે કે બીજો કરી ઘે તેમ નહીં પણ જ્યારે આ આત્મા પોતે રાગથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્ર થાય છે ત્યારે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉદિત થાય છે અને દર્શન–જ્ઞાન સ્વભાવમાં અસ્તિત્વરૂપ જે આત્મતત્ત્વ તેમાં એકત્વગતપણે વર્તે ત્યારે તે આત્મા સ્વસમયમાં આવ્યો તેથી તેને આત્મા કહ્યો. આત્મા છે એ તો છે જ, પણ એ દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયમાં આવે એટલે કે પૂર્ણાનંદના નાથમાં દર્શન–જ્ઞાન–ચારિત્રની પરિણતિ કરે તેને સ્વસમય કહેવામાં આવે છે.

જેને કેવળજ્ઞાન એટલે કે મોક્ષ ઉત્પન્ન કરવો છે તે ભેદજ્ઞાનજ્યોતિ વડે વ્યવહારના રાગાદિથી ભિન્ન પડે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. એવી ભેદજ્ઞાનજ્યોતિ વડે રાગાદિથી છૂટો પડીને જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપમાં એકત્વપણે પરિણમે ત્યારે દર્શન–જ્ઞાન –ચારિત્રમાં વર્તે છે અને ત્યારે તે જીવને સ્વસમય આત્મા કહે છે. જ્યારે આ જીવ બહારના રાગાદિથી ભેદજ્ઞાન કરીને પોતામાં એકત્વ કરીને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં આવ્યો ત્યારે તેને સ્વસમય જાણવો. આત્મામાં એકત્વપણે એટલે ?–કે દર્શન–જ્ઞાન –ચારિત્રમાં સ્થિત તે આત્મામાં એકત્વપણું છે.

જ્યારે પ્રભુ આત્મામાં એકત્વગતપણે વર્તે ત્યારે જીવ દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત હોવાથી એક સાથે પોતાના આત્માને જાણતો ને પોતારૂપે પરિણમતો હોવાથી તે સ્વસમય છે. ખરેખર સમય તેને કહીએ કે પોતે પોતાના સ્વરૂપને જાણતો પરિણમે ને એકત્વપણે પરિણમે, એકીસાથે પોતાને જાણે ને પોતારૂપે પરિણમે. જે સમયે પરિણમે છે તે જ સમયે તેને જાણે છે.

આત્મા દર્શન–જ્ઞાનના હોવાપણે તત્ત્વ છે. પરથી ભિન્ન થઈને ને આત્મતત્ત્વમાં એકત્વપણે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિર થાય ત્યારે યુગપદ સ્વને પોતારૂપે જાણે તથા પોતારૂપે પરિણમે તે સ્વસમય છે. એકત્વપણે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિર થાય છે તેનો અર્થ કે રાગને લઈને સ્થિર થતો નથી. રાગનો વિકલ્પ ચાહે તો શાસ્ત્રજ્ઞાનનો વિકલ્પ હોય પણ તે બધાથી ભિન્ન પડીને દર્શન–જ્ઞાનરૂપ વસ્તુમાં એકતાપણે દર્શન–જ્ઞાન –ચારિત્રમાં સ્થિત થાય ને એકીસાથે પોતાને જાણે ને દર્શન–જ્ઞાનરૂપ જેવી વસ્તુ હતી તેવો પરિણમ્યો ત્યારે

તે જીવને સ્વસમયરૂપે પ્રતીતિ કરવામાં આવે છે. કુંદકુંદાચાર્યે સ્વસમય જાણ એમ કહ્યું છે તેનો અર્થ એમ કહ્યો કે સ્વસમય પ્રતીતિરૂપ કરવામાં આવે છે. એવા જીવને મોક્ષમાર્ગ છે એમ શ્રદ્ધવામાં આવે છે.

એ રીતે **जीवो चरित्तदंसणणाणट्ठिउ तं हि ससमयं जाण**।-એ પદનો અર્થ થયો.

## ❀ રાગદ્વેષમોહમાં સ્થિત પરસમય ❀

હવે બીજા પદનો અર્થ કહે છે કે પણ જ્યારે જીવ સ્વરૂપના જ્ઞાન વિના, જેમ કેળના મૂળની ગાંઠમાંથી અનેક ફળ થયા જ કરે એમ અનાદિ અજ્ઞાનરૂપ જે કેળ તેના મૂળની ગાંઠ જેવો મોહ તેના ઉદય અનુસાર પોતે પ્રવર્તે છે તેથી તેના આધીનપણાથી દર્શન-જ્ઞાન સ્વભાવમાં નિશ્ચયપણે રહેલું જે આત્મતત્ત્વ છે તેનાથી ચ્યુત થાય છે. કેળના મૂળની ગાંઠ જેવા મોહના ઉદયને અનુસાર પ્રવર્તીને, પોતે આધીનપણે થઈને, સ્વથી ચ્યુત થઈ જાય છે અને પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતાં મોહ-રાગાદિ એટલે કે સ્વદ્રવ્યના ચ્યુત થવાથી ને પરદ્રવ્યને પોતે આધીન થવાથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વ રાગાદિ સાથે એકત્વપણું માનીને વર્તે છે.

મિથ્યાત્વ રાગાદિમાં એકપણે વર્તે છે ત્યારે મોહ-રાગ-દ્વેષના પ્રદેશમાં એટલે કે પુદ્‌ગલ કર્મના પ્રદેશમાં સ્થિત હોવાથી એકીસાથે મોહ-રાગ-દ્વેષને એકત્વપણે જાણતો ને એકત્વપણે પરિણમતો તે પરસમય છે. જાણે તો છે! -પણ મોહાદિને એકત્વપણે જાણે છે. સમય એટલે એકીસાથે જાણે ને પરિણમે. અહીં મોહ ને રાગાદિ મારા છે એમ જાણતો ને તેમાં એકત્વપણે પરિણમતો તે પરસમય છે. 'સ્વસમય' માં યુગપદ્ સ્વને જાણતો ને સ્વરૂપે પરિણમતો સ્વસમય કહ્યો છે. અહીં યુગપદ્ મોહાદિને સ્વપણે જાણતો ને તેમાં એકત્વરૂપ પરિણમતો પરસમય કહ્યો છે. રાગના વિકલ્પ સાથે એકત્વપણે પરિણમતો ને એકત્વપણે જાણતો એ 'પરસમય' છે-એમ પ્રતીતિરૂપ કરવામાં આવે છે.

આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમયપણું ને પરસમયપણું પ્રગટ થાય છે. દર્શનજ્ઞાનમય પ્રભુમાં એકત્વપણું તે સ્વસમયપણું છે ને રાગાદિમાં એકતાપણું તે પરસમયપણું છે. જેના સ્વરૂપમાં પુણ્ય-પાપ નથી પણ જેના સ્વરૂપમાં દર્શન ને જ્ઞાન છે એવા દર્શન-જ્ઞાન સ્વરૂપમાં સ્વપણે એકત્વરૂપ પરિણમે ને સ્વપણે જાણે તે સ્વસમય છે તથા મોહના ઉદયના અનુસારે પોતે પ્રવર્તતો, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો ને મોહાદિમાં એકત્વરૂપ પરિણમતો ને એકત્વરૂપ જાણતો તે પરસમય છે એમ જાણ.

# હે જીવ! સ્વમાં એકત્વપણે પરિણમવું એ તારી શોભા છે

આ લોકમાં સર્વ પદાર્થો એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે–એમ કહીને દરેક પદાર્થની મર્યાદા સિદ્ધ કરી છે કે દરેક દ્રવ્ય કાં તો વિકૃત દશારૂપે ને કાં તો અવિકૃત દશારૂપે પરિણમે એટલું જ તેનું કાર્યક્ષેત્ર છે. કોઈ પણ પદાર્થ અન્ય પદાર્થના દ્રવ્યગુણને તો સ્પર્શતો નથી પણ અન્ય દ્રવ્યની પર્યાયને પણ સ્પર્શતો નથી તેથી એક દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યની પર્યાયને શું કરે? જીવ રાગરૂપે પરિણમે તેમાં કર્મનો ઉદય રાગને સ્પર્શતો નથી તેથી કર્મ જીવને રાગરૂપે શી રીતે પરિણમાવે? દરેક દ્રવ્ય પોતપોતાના વિરુધ્ધ કે અવિરુધ્ધ કાર્યના હેતુપણાથી ટકી રહ્યું છે અને એ રીતે અનંત પદાર્થસ્વરૂપ વિશ્વ અનંતપણે ટકી રહ્યું છે. એ રીતે દરેક પદાર્થ પોતાના ગુણપર્યાયને ચુંબે છે પણ અન્યને ચુંબતું નથી એમ કહીને આત્માની વાત કરી છે કે એકેન્દ્રિયથી માંડીને દરેક દ્રવ્ય પોતપોતાના દ્રવ્યસ્વભાવે તો શુદ્ધ હોવાથી સુંદર છે જ પરંતુ સુંદરતારૂપે પરિણમે તે બધેય સુંદર છે. ત્રિકાળી સ્વભાવની સાથે એક સમયના મોહ–રાગ–દ્વેષનો સંબંધ તે અણાત્મપણું છે, તે પરસમય છે, તે અશોભનીક છે. પુણ્ય–પાપના ભાવ મારા છે એમ જે પરિણમે છે તે મિથ્યાત્વ છે, તેનાથી વિસંવાદ ખડો થાય છે, તેનાથી જીવ શોભા પામતો નથી. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. વસ્તુ સુંદર જ છે પણ તે સુંદરપણે પરિણમે તે જ તેની શોભા છે.

[ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી, તા. ૨૧–૬–૭૮ ]

એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે એમ સમજાવે છે :

એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.

સમય એટલે કે જે પદાર્થ પોતાના એકત્વનિશ્ચયને પ્રાપ્ત છે તે લોકમાં બધે સુંદર છે. સુંદર છે તેમાં બે વાત છે. લોકમાં એકેન્દ્રિય આદિ બધા દ્રવ્યપણે તો સુંદર છે જ, કેમકે દ્રવ્ય તો શુદ્ધ જ છે, પરંતુ જેવું સ્વરૂપ પ્રભુ આત્માનું છે એવું અભેદરત્નત્રયપણે પરિણમે તે બધેય સુંદર છે. વસ્તુ તરીકે તો સુંદર છે જ, પણ એ સુંદરતાનું ભાન થાય -પરિણમન થાય તે બધેય સુંદર છે.

શુદ્ધ ચિદાનંદ પ્રભુ તે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન ને પ્રાપ્ત થાય ત્યારે તે સુંદર છે. તેથી ભગવાન આત્માને બીજાની સાથે જે બંધનો ભાવ છે તે નિંદનીય છે. ભગવાન આત્મામાં દ્રવ્યે તો એકપણું છે પણ દ્રવ્ય આવું છે એમ અભેદરત્નત્રયનું એકપણું પામે તે શોભા છે. આત્માને પર સાથેના બંધની દશા એટલે કે આત્માને અણાત્મા બનાવે તેવી દશા વિસંવાદ-વિરોધ છે, અશોભનીક છે.

અહીં સામાન્યપણે છએ દ્રવ્ય છે. તેથી ધર્મ, અધર્મ, આકાશ ને કાળ તથા પુદ્‌ગલને જીવદ્રવ્ય એ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં સંખ્યાએ જેટલા જેટલા પદાર્થો છે તે એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી સુંદર છે, કેમ કે પોતાના ભાવમાં પરના સંબંધ વિના એકલા રહે તે સુંદરતા કહેવાય છે. કારણ કે જો આ રીતે ન હોય તો બે દ્રવ્ય એક થઈ જાય કાં એક દ્રવ્ય બીજારૂપે થઈ જાય-એવા દોષો આવે. ભગવાને કેવળજ્ઞાનમાં જોયા તે છ દ્રવ્યો પોતાના ગુણપર્યાયોમાં પ્રાપ્ત થાય તે તેની શોભા છે, પરના સંબંધમાં કાંઈ પણ થાય એ એની શોભા નથી.

## ❀ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ અનંત ધર્મોના ચક્રને ચુંબે છે ❀

કેવા છે તે પદાર્થો ?-તે બધા પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલા અનંત ગુણપર્યાયના સમૂહને સ્પર્શે છે. દરેક દ્રવ્ય પોતામાં રહેલાં ગુણ અને વર્તમાન પર્યાય તેને તે ચુંબે છે, સ્પર્શે છે, તોપણ એકબીજાને પરસ્પર સ્પર્શતા નથી. એક પરમાણુ બીજા પરમાણુને અડતો નથી. એક આત્મા કર્મના જડ પરમાણુને સ્પર્શતો નથી. જમીન ઉપર ચાલે છે ત્યારે પગ જમીનને અડયા વિના ચાલે છે. છરી છે તે શાકને કાપતાં શાકને અડતી નથી. કોઈ પણ દ્રવ્ય પોતાના ગુણપર્યાયોને ચુંબે છે, છતાં પણ બીજાના ગુણપર્યાયને ત્રણકાળ ત્રણલોકમાં અડતું નથી. વસ્તુ સ્થિતિ એવી જ છે કે સ્વપણે છે ને પરપણે નથી.

આત્મા પરદ્રવ્યને અડતો નથી તો પરદ્રવ્યની રક્ષા શી રીતે કરે?–રક્ષા કરવાનો ભાવ તેની પોતાની પર્યાયમાં રહ્યો પણ સામા જીવને બચાવી શી રીતે શકે?

તાવડીમાં રોટલી થાય તો કહે છે કે તાવડી રોટલીને અડતી નથી. જો આ રીતે ન હોય તો બધા દ્રવ્યો એક થઈ જાય અથવા એક બીજામાં સંક્રમણ થઈ જાય. દયા પાળવી કે સાચું બોલવું આદિ ભાષાની ક્રિયાને આત્મા અડતો નથી તો કરે ક્યાંથી? કેમ કે પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણપર્યાયને અડે છે પણ બીજા દ્રવ્યના ગુણપર્યાયને અડતો –સ્પર્શતો–ચુંબતો નથી. તાલી પાડતાં ભાષા થાય છે–અવાજ થાય છે તેને હાથ અડતો નથી કે એક હાથ બીજા હાથને અડતો નથી.

ધગધગતું પાણી ચામડીને અડતું નથી છતાં ચામડીમાં ફોલ્લા પડે! આ તો વીતરાગી સર્વજ્ઞ પરમાત્માની કોલેજની વાત છે. ગાલે થપ્પડ મારે છે તો કહે છે હાથ છે તે ગાલને અડતો નથી. પરંતુ મારવાનો ભાવ તેણે કર્યો છે હો! તોપણ એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને અડતું નથી, સ્પર્શતું નથી, ચુંબતો નથી. જો એમ ન હોય તો સર્વસંકર આદિ દોષો આવી પડે.

જીવ ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિકાય અડે છે એમ નથી. લોઢા ઉપર છીણી પડે ત્યારે લોઢાને છીણી અડતી નથી. બન્નેના પરમાણુ ભિન્ન ભિન્ન છે, તેથી લોઢાનો પર્યાયધર્મ છીણીના પર્યાયધર્મને સ્પર્શતો નથી. આગળ તો કહેશે કે આત્મા છે તે વ્યવહારને સ્પર્શતો નથી. નિશ્ચય વસ્તુ છે તે વ્યવહારને સ્પર્શતી નથી ત્યારે તે સુંદરતાને પામે છે. વિકલ્પ રહિત અભેદરત્નત્રયને પામે ત્યારે આત્મા સુંદરતાને પામે છે. વ્યવહારરત્નત્રયનો રાગ નિશ્ચયને અડે છે તેમ નથી, તેથી વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય એ રહેતું નથી.

## ❀ દરેક પદાર્થો પોતપોતાના ગુણપર્યાયોને ચુંબવા છતાં અન્ય દ્રવ્યને ચુંબતા નથી. ❀

અનંત અનંત પદાર્થો પરસ્પર અડતાં નથી, પોતાના ગુણપર્યાય ધર્મોને અડે છે. પાણી ગરમ થાય તે તેના સ્પર્શગુણની પર્યાય છે, તે પર્યાય અગ્નિથી થઈ નથી. પાણી પોતે શીતળતા બદલીને ગરમ થયું છે, સંયોગથી થયું છે એમ ત્રણકાળમાં નથી. એમ અહીં વસ્તુસ્થિતિ છે તે બતાવીને નિમિત્તનું લક્ષ તો છોડાવ્યું છે પણ વ્યવહાર છે તેનું પણ લક્ષ છોડાવીને અભેદરત્નત્રયનું લક્ષ કરાવ્યું છે. ૪૭ શક્તિમાં તત્–અતત્ શક્તિમાં રાગ છે તે ખરેખર જ્ઞેય છે તેને જ્ઞાન અડતું નથી એમ આવી જાય છે. રાગ

જ્ઞેય છે તેને જ્ઞાન જાણવા છતાં રાગરૂપે જ્ઞાન થતું નથી અને રાગ છે માટે જ્ઞાન થયું છે એમ નથી. કેમ કે ખરેખર તો રાગ છે તેને જ્ઞાન અડતું નથી.

દરેક પદાર્થ ભિન્નપણે પોતપોતામાં ટકી રહ્યાં છે એમ કહીને અહીં તો આત્માને વિકારથી પણ ભિન્ન પાડવો છે. પહેલા પોતાના ગુણપર્યાયને ચુંબે છે કહ્યું પરંતુ એકત્વનિશ્ચયગત આત્મા સુંદરતા પામે છે તેમ કહેવું છે. તેથી જે વ્યવહારનો રાગ છે તેને ભગવાન આત્મા અડતો નથી. ભેદરત્નત્રય છે માટે અભેદરત્નત્રય થયું છે એમ નથી, કેમ કે ભેદરત્નત્રયને અભેદરત્નત્રય અડતું જ નથી.

સર્વ પદાર્થો–જિનેશ્વરદેવે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ જોયા છે તે –એકબીજાને સ્પર્શતા નથી. શરીરના રજકણો આત્માને અડયા જ નથી. આત્મા કર્મના ઉદયને અડતો નથી. કર્મનો ઉદય જડ–પર્યાય છે તે પોતાના પરમાણુને સ્પર્શે છે પણ એ જડ–પર્યાય છે માટે અહીં રાગ થાય છે તેમ નથી. ચશ્મા છે તે નાકની દાંડીને લઈને રહ્યાં છે તેમ નથી. પગ છે તે જમીનને અડયા વિના જ ચાલે છે. આહાહા! આ વાતને કોણ માને? આત્મા પગને અડયો નથી ને પગ જમીનને અડયા નથી ને ગતિ થાય છે!

પ્રભુ! ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થાય તે સુંદરતા છે ને રાગાદિપણે થાય છે તે અસુંદરતા છે. હા, પોતાની વિકૃત ને અવિકૃત દશાને લઈને જગત ટકી રહ્યું છે, પણ એમ કહીને એક દ્રવ્ય બીજા દ્રવ્યને લઈને નથી તેમ કહ્યું. પરંતુ અહીં આત્માને બતાવવો છે ને! તેથી કહે છે કે શુદ્ધપણે પ્રાપ્ત થાય તે આત્મા સુંદરતાને પામે છે.

કેવા છે સર્વ પદાર્થો?–કે પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલાં પોતાના અનંતા ગુણપર્યાયોને સ્પર્શે છે. નિશ્ચયથી તો આત્મા વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ અડતો નથી. અહીં તો બંધકથા બતાવીને રાગનો સંબંધ પણ ખોટો છે એમ બતાવવું છે. આમ જગત પોતાના અવિરુધ્ધ કે વિરુધ્ધ, અવિકૃત કે વિકૃત દશાપણે ટકી રહ્યું છે, પણ બીજાના સંબંધથી ટકયું છે એમ નથી. શુદ્ધ ચૈતન્યવસ્તુ પરને તો અડે નહીં પણ રાગને પણ અડે નહીં અને પોતાના ગુણપર્યાયને સ્પર્શે એટલે કે જે દ્રવ્ય પોતાની પર્યાયને સ્પર્શ્યું છે તે પર્યાયને દ્રવ્ય સાથે સ્પર્શાવીને જે નિર્મળ સમ્યગ્દર્શન થાય તેને ધર્મ કહે છે.

સીમંધર પ્રભુ એમ કહે છે કે જીવની દયા તું પાળી શકતો નથી કે મારી પણ શકતો નથી, કેમકે પરને તું અડતો નથી. આગળ જતાં દયાનો જે ભાવ છે તેને પણ તું અડતો નથી. દરેક પરમાણુમાં પણ ગુણ ને પર્યાયો અનંત છે. દરેક દ્રવ્યો

અનંત ગુણપર્યાયોને ચુંબે છે–એમ છએ દ્રવ્યની વસ્તુસ્થિતિ બતાવીને આત્મા તરફ લઈ જવો છે.

પગનો એક રજકણ બીજા રજકણને અડતો નથી. ચાલતાં ઠેસ વાગે છે ને ! છતાં પગના રજકણ તેને અડતા નથી. ઠેબું મારવાથી પત્થર આઘો ખસી જાય છે ને ! –કે ના, એ તો પોતપોતાના પર્યાયધર્મોને ચુંબે છે. કેવા છે સર્વ પદાર્થો ? –કે પોતપોતાના ગુણપર્યાયોને સ્પર્શવા છતાં એકબીજાને સ્પર્શતા જ નથી.

પદાર્થનું સ્વરૂપ જ એવું છે કે પદાર્થ પોતાના ગુણપર્યાયને ચુંબે–સ્પર્શે છે પરંતુ બીજા પદાર્થોના દ્રવ્ય–ગુણને તો સ્પર્શે નહીં કેમ કે તે ધ્રુવ છે, પણ પોતાની પર્યાય પણ બીજા પદાર્થની પર્યાયને અડતી નથી, ચુંબતી નથી. શરીરની અવસ્થા જીવની પર્યાયને –જ્ઞાન હો કે રાગ હો તેને–સ્પર્શતી નથી, પોતાની જ્ઞાનની કે રાગની પર્યાય શરીરની પર્યાયને અડતી નથી. ટોપી છે તે માથાને સ્પર્શતી નથી, ટોપીના રજકણો પોતાના ગુણ–પર્યાયને સ્પર્શે છે.

આકાશના એક પ્રદેશમાં અનંતા જીવના અસંખ્ય પ્રદેશ છે અને અનંતા પરમાણુઓ છે, તોપણ દરેક પોતપોતાના સ્વરૂપમાં રહે છે. એક જગ્યાએ રહેવા છતાં, અત્યંત નિકટ હોવા છતાં, પોતાના સ્વરૂપથી ખસીને બીજાની પર્યાયને સ્પર્શતા નથી. એક પ્રદેશે અનંતા પરમાણુઓ ને અનંતા જીવના અસંખ્ય પ્રદેશો રહેવા છતાં પરરૂપે પરિણમતા નથી. અનંત ચીજો છે તે પરરૂપે પરિણમતી નથી ને પરને પરિણમાવતી નથી તેથી અનંતપણું નાશ પામતું નથી.

એક ક્ષેત્રે શરીર, કર્મ ને આત્મા હોવા છતાં પોતાના સ્વરૂપથી ખસીને એક બીજારૂપે પરિણમતા નથી. એક પ્રદેશમાં અત્યંત નિકટ હોવા છતાં પોતાના સ્વરૂપથી ખસતા નથી, બીજારૂપે પરિણમતા નથી તેથી અનંતપણે રહેતાં હોવાથી ટંકોત્કીર્ણ શાશ્વત સ્થિત રહે છે. આવું જ વસ્તુનું સ્વરૂપ છે, ભગવાને કર્યું નથી પણ જોયું છે તે કહ્યું છે. દરેક દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયમાં રહેલાં છે તે એકબીજાને અડતા નથી. આહાહા ! હું ઠંડુ પાણી પીઉં છું તેથી મારી તૃષા મટી જાય છે એમ છે જ નહીં. કેમ કે દરેક દ્રવ્યો અત્યંત નિકટ રહેવા છતાં એકબીજાને અડતા નથી એ મહા સિદ્ધાંત છે.

**❀ પોતાના વિરુધ્ધ તથા અવિરુધ્ધ કાર્યના હેતુપણાથી સકલ જગત ટકી રહ્યું છે. ❀**

દરેક પદાર્થ ચાહે તો સ્વભાવરૂપે પરિણમે કે વિભાવરૂપે પરિણમે, એ કાર્યના હેતુપણાને લીધે જગત ટકી રહ્યું છે એટલે કે બીજાના કાર્યને અડતું નથી ને પોતાનું

વિરુધ્ધ–અવિરુધ્ધ કાર્ય પોતામાં છે એ રીતે જગત ટકી રહ્યું છે. વિરુધ્ધ કાર્ય–વિભાવીક કાર્યના અને અવિરુધ્ધ કાર્યના કારણે દરેક દ્રવ્ય વિશ્વને ઉપકાર કરે છે એટલે કે ટકાવી રાખી છે. વિભાવીક કાર્ય થાય છતાં તે પર પદાર્થને અડતું નથી. વિકલ્પ આવ્યો છે તે વિભાવ છે, તે પરના કાર્યને અડતો નથી તેમ વિકલ્પને પર અડતું નથી. તેથી જે રીતે આખું વિશ્વ અનંતપણે છે તે રીતે ટકી રહ્યું છે જો વિશ્વમાંના બે પદાર્થો એકબીજાની પર્યાયને અડે ને કરે તો વિશ્વનું અનંતપણું રહેતું નથી.

વિશ્વના જેટલા પદાર્થો છે તે ભલે વિરુધ્ધ કે અવિરુધ્ધપણે પરિણમે પણ એક પદાર્થની પર્યાય બીજા પદાર્થની પર્યાયને અડતી નથી. તેથી જે રીતે વિશ્વનું અનંતપણું છે તે રીતે ટકી રહ્યું છે. આહાહા! સંતોએ પણ ગજબ કામ કર્યા છે.–નિમિત્તપણે એમ કહેવાય હો!

એક દ્રવ્ય અને બીજા દ્રવ્યના કાર્યકારણને ભેળસેળ થતી નથી તેથી વિશ્વની અનંતી વ્યક્તિતા ટકી રહી છે. જો પરને લઈને કાંઈ પણ થાય, શાસ્ત્રની ટીકા મારાથી થાય કે કર્મનું બંધન મારાથી થાય કે કર્મનો ઉદય મને રાગ કરાવે તો વિશ્વ વિશ્વપણે નહીં રહે એટલે કે અનંત અનંતપણે નહીં રહે. લસણ, ડુંગળી આદિની એક રાઈ જેવડી કટકીમાં અસંખ્ય શરીર, એક શરીર બીજા શરીરને અડે નહીં અને તે એક શરીરમાં અનંતા જીવ, એક જીવ બીજા જીવને અડે નહીં, એક એક જીવને તેજસ ને કાર્મણ શરીર, એ જીવની વિરુધ્ધ પર્યાયને–વિકારી પર્યાયને અડે નહીં. આહાહા! એક રાઈની કટકીમાં એક એક શરીરમાં અનંતા જીવ, તે બધાનો શ્વાસ એક છતાં એ શ્વાસ અનંત જીવને અડતો નથી કે એક જીવ બીજા જીવને અડતો નથી. તેથી એ રીતે વિશ્વને ઉપકાર કર્યો છે એટલે કે એ રીતે અનંત–અનંતપણે ટકી રહ્યાં છે, કેમ કે એકબીજા એકબીજાને સ્પર્શતા નથી, કરતા નથી, અડતા નથી.

એક સમયના વિકારની પર્યાય પણ જો પરથી થાય એમ કહો તો એ પર્યાયની ઉણપ થઈ ગઈ, એ દ્રવ્યની તે પર્યાય ન રહી અને એ પર્યાય ન રહી તો એ પર્યાયનો પિંડ તે ગુણ એ ગુણ પણ ન રહ્યો અને અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય તેથી એ દ્રવ્ય પણ પૂરું ન રહ્યું. અનંત જીવ એક શરીરમાં અસંખ્ય પ્રદેશમાં ભેગા રહ્યાં છે ને મિથ્યાત્વપણે પરિણમે છે છતાં એ પર્યાયનું જે કાર્ય છે એ તે તે દ્રવ્યની અસ્તિત્વતા બતાવે છે અને એ રીતે જેટલા તત્ત્વ છે એટલા તત્ત્વનું અસ્તિત્વ ભિન્ન ભિન્ન રહી વિશ્વને એટલે કે અનંત પદાર્થો છે તેને તે રીતે ઉપકાર કરે છે એટલે કે અનંતમાં ઓછાપણું થતું નથી ને અનંતમાં અધિકપણું થતું નથી એ જ વિશ્વનો ઉપકાર એટલે કે એ રીતે વિશ્વ ટકી રહ્યું છે.

## ❀ બંધ અવસ્થાથી જીવમાં વિસંવાદ ખડો થાય છે ❀

અહીં તો દ્રવ્યસ્વભાવ બતાવવો છે. પર્યાયભાવ સિદ્ધ કરીને બતાવ્યો પણ આ આત્માને જે બંધભાવ છે તે નિમિત્તના સંબંધે ઊભો થયો છે, પણ એ એનો વિભાવભાવ છે, બંધભાવ છે, વસ્તુ તો અબંધ સ્વરૂપે છે. એકપણાને બંધપણું એ વિરુધ્ધભાવ છે, બંધપણું છે તે વિસંવાદ છે. ત્રિકાળી આનંદના નાથને એક ક્ષણના રાગનો સંબંધ છે–બંધભાવ છે તે વિસંવાદ છે, વિપરીતભાવ છે, દુઃખરૂપભાવ છે.

સર્વ પદાર્થોને ભિન્ન ભિન્ન બતાવીને કહે છે કે જીવ વસ્તુ અબંધસ્વરૂપ છે તેમાં વિપરીતભાવ તે વિસંવાદ છે. પ્રભુ પોતે ત્રિકાળી અનાકુળ આનંદરૂપ છે તેમાં દ્રવ્યને બંધભાવના સંબંધથી વિસંવાદ ખડો થાય છે. ભગવાન આત્માને અભેદરત્નત્રયનું પરિણમન હોવું જોઈએ તેના બદલે બંધભાવનો સંબંધ તે દુઃખરૂપ છે, વિસંવાદ છે, વિપરીતભાવ છે, અશોભનીક છે.

પ્રભુને રાગના સંબંધવાળો કહેવો તે દુઃખરૂપ છે. રાગની એકતા તોડીને રાગને જીતીને સ્વભાવની એકતા કરે તો સાચો જૈન કહેવાય. કાયમી લક્ષણ સ્વભાવ સાથે નકલી ભાવ જોડવો તે દુઃખરૂપ છે, ખેદ છે. પ્રભુ જિનસ્વરૂપી આત્માને નાનામાં નાના રાગના રજકણ સાથે સંબંધ જણાવવો તે વિસંવાદ છે, દુઃખરૂપ છે. પહેલાં દરેક દ્રવ્યને વિભાવ કે સ્વભાવથી પરિણમતાં થકા બીજાને સ્પર્શતા નથી એમ ભિન્ન ભિન્ન અનંતપણે સિદ્ધ કરીને હવે આત્મતત્ત્વને પુણ્ય–પાપના ભાવ સાથે સંબંધ તે વિસંવાદ છે તેમ કહે છે. વસ્તુ આનંદકંદ પ્રભુ છે તેને રાગના સંબંધવાળો કહેવો, અદ્વૈત ને દ્વૈતપણાવાળો કહેવો તે વિસંવાદ છે એટલે કે કથન પણ વિપરીત છે ને ભાવ પણ વિપરીત છે. ભગવાનને રાગવાળો કહેવો ને રાગવાળો જાણવો એ દ્રષ્ટિ પણ વિરુધ્ધ છે.

પરથી જુદો બતાવીને કહે છે કે એક સમયની ક્ષણિક વિકૃત દશા તેની પર્યાયમાં હોવા છતાં ત્રિકાળી અબદ્ધસ્પૃષ્ટ પ્રભુને રાગના સંબંધવાળો ઠરાવવો તે દુઃખરૂપ દશા છે. ત્રિકાળી સ્વભાવની સાથે એક સમયના મોહરાગદ્વેષનો સંબંધ તે અણાત્માપણું થયું. આત્માને મોહરાગદ્વેષપણું જાણવું તે અણાત્માપણું છે. આહાહા! પર્યાયબુદ્ધિ છોડાવી છે. ભગવાન આત્મા એકરૂપ અદ્વૈત સ્વભાવે હોવા છતાં બંધનું દ્વૈતપણું લાગે તે શોભતું નથી. આહાહા! ધન્યભાગ્ય કે આવી વાત પણ સાંભળવા મળે! જેવા સ્વરૂપે પોતે છે એ રીતે તેમાં ઠરે તે સ્વસમયપણું છે.

## ❀ દ્રવ્યસ્વભાવ તો સદાય સુંદર છે જ પણ એ એકત્વપણે પરિણમે તે જ તેની સુંદરતા છે. ❀

આ આત્મા પોતાનો કાયમી અસલી સ્વભાવ છોડી પુણ્ય–પાપમાં જાય–રહે તે પરસમય છે. શુદ્ધ સ્વરૂપી પ્રભુ રાગમાં રહે–પરિણમે તો તે અણાત્મા છે, પરસમય છે. ચૈતન્યની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તેનું નામ આત્મા અને તેને સ્વસમય કહે છે. દયા–દાન આદિના રાગમાં રહે તેને પરસમય કહે છે.

પુણ્ય–પાપના ભાવ મારા એમ જે પરિણમે છે તે મિથ્યાત્વ છે, તેનાથી વિસંવાદ ખડો થાય છે. અબંધસ્વરૂપ, મુક્તસ્વરૂપ ચીજ છે તેમાં રાગ સાથે સંબંધ એવો જે બંધ તેનાથી રાગ સાથે બેપણું થાય છે, વિસંવાદ ખડો થાય છે, તેથી તે જીવ શોભા પામતો નથી. પવિત્ર વસ્તુ અપવિત્રપણે પરિણમે તે તેની શોભા નથી. વસ્તુ અકષાયસ્વરૂપ છે, તે અકષાયભાવે થાય તે તેની શોભા છે. એકપણું જેમાં છે એવી વસ્તુ રાગાદિપણે પરિણમે તે દ્વિવિધપણું છે તેથી તે અશોભનીક છે. ચૈતન્યનું જે ત્રિકાળીક સ્વરૂપ છે તેનો વિચાર કરવામાં આવે તો એકપણું જ શોભનીક છે. સુંદર વસ્તુ છે તે સુંદરપણે પરિણમે તે જ શોભા છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ ભગવાન એકપણામાં રહે તે તેની શોભા છે. રાગ રહિત નિર્વિકલ્પ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ એકપણું છે તે શોભા છે.


( આગમ–મહાસાગરનાં....................પાનું ૩૬ થી ચાલુ )

( ૫ ) દૂરાસ્વાદન સમર્થતાઋદ્ધિ :–રસના–ઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન પ્રમાણ છે. તપવિશેષના કારણે નવ યોજનથી પણ આગળ ઘણા યોજનો દૂરના રસને જાણવાનું સામર્થ્ય પ્રગટ થવું તેને દૂરાસ્વાદન સમર્થતાઋદ્ધિ કહે છે.

( ૬ ) દૂરઘ્રાણ સમર્થતાઋદ્ધિ :–ઘ્રાણ–ઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવ યોજન પ્રમાણ છે. તેનાથી પણ દૂરની વસ્તુની ગંધ ગ્રહણ કરવાની શક્તિને દૂરઘ્રાણ સમર્થતાઋદ્ધિ કહે છે.

( ૭ ) દૂરદર્શન સમર્થતાઋદ્ધિ :–નેત્ર–ઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય ૪૭૨૬૩ યોજન પ્રમાણ છે. તેનાથી પણ ઘણા યોજનો દૂર રહેલી વસ્તુને દેખવાના સામર્થ્યને દૂરદર્શન સમર્થતાઋદ્ધિ કહે છે.

( ૮ ) દૂરશ્રવણ સમર્થતાઋદ્ધિ :–કર્ણ–ઇન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય બાર યોજન પ્રમાણ છે. તેનાથી પણ ઘણા યોજનો દૂરનું શ્રવણ કરવાનું સામર્થ્ય હોવું તે દૂરશ્રવણ સમર્થતાઋદ્ધિ છે. ( શ્રી ભગવતી આરાધનામાંથી )




* હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું, એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું, એવા દ્રઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દ્રઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. જેમ સમયસાર ગાથા ૪ માં કહ્યું છે કે મિથ્યાત્વનું એકછત્ર રાજ્ય ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર લક્ષ આવવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય–ગુણ–પર્યાય આદિ વિચારમાં ફેરવે, ઉપયોગને બારીક કરે, ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન :–ભાવલિંગી મુનિનું લક્ષણ શું ?

ઉત્તર :–અંતર્મુહૂર્તમાં છઠ્ઠા–સાતમાં ગુણસ્થાને આવ્યા કરે તે ભાવલિંગી મુનિનું લક્ષણ છે. છઠ્ઠા ગુણસ્થાને પણ અંદર શુદ્ધ પરિણતિ રહે છે તે ભાવલિંગપણું છે. મુનિદશામાં તો આનંદનું પ્રચુર સ્વસંવેદન હોય છે. ચોથા–પાંચમાં ગુણસ્થાને આનંદનું વેદન હોય છે પણ અલ્પ છે, પ્રચુર આનંદનું વેદન તો ભાવલિંગી મુનિને હોય છે.

* ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે છે તે પ્રમાદ છે, શાસ્ત્રમાં તેને જગપંથ કહ્યો છે. સ્વરૂપમાં ઠરી જવું એ જ મુનિદશા છે, એમાંથી શુભરાગમાં આવવું ગોઠતું નથી. જેમ ચક્રવર્તીને પોતાના સુખદાયી મહેલમાંથી

બહાર આવવું ગમતું નથી તેમ ચૈતન્યમહેલમાં જે વિશ્રાંતિથી બેઠા છે તેને એ સુખદાયી ચૈતન્ય મહેલમાંથી બહાર આવવું ગમતું નથી. અશુભ રાગ તો પાપરૂપ ઝેર છે પણ શુભરાગ પણ દુઃખરૂપ બંધન છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદની મૂર્તિ છે એવા સ્વરૂપની ઓળખાણ થઈ છે તેને સ્વરૂપમાંથી બહાર આવવું ગમતું નથી. જેને ૯૬ હજાર રાણીઓ, ૯૬ કરોડ ગામ ને ૧૬ હજાર દેવો સેવા કરનાર છે એવી સાહ્યબીમાં પડેલાં ચક્રવીંત મળને છોડે તેમ વિભૂતિને ક્ષણમાં છોડી આનંદનો ઉગ્ર સ્વાદ લેવા વનમાં ચાલી નીકળે છે. એ અતીન્દ્રિય આનંદનો ઉગ્ર –પ્રચુર સ્વાદ લેનારને શુભરાગમાં આવવું મુશ્કેલ લાગે છે, બોજો લાગે છે, બહાર આવવું ગમતું નથી. શાસ્ત્ર રચવાનો કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે પણ તે બોજારૂપ લાગે છે.

* સમયસાર ગાથા ૫ માં આચાર્યદેવ કહે છે કે ગુરુના અનુગ્રહથી કૃપાથી મને અંદરમાં આનંદનું જે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે એ મારા નિજવૈભવથી એકત્વ–વિભક્ત આત્માને દેખાડું છું તેને તું તારા અનુભવથી પ્રમાણ કરજે. તારા ભગવાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય એવી શક્તિ ભરી છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. પંચમકાળ છે ને આવો અનુભવ ન થાય એમ ના પાડીશ નહિ. પ્રભુ ! તું રાગાદિ બધું ભૂલી જા ! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર. ભાઈ ! તું અમારી પાસે સાંભળવા આવ્યો છો ને તને અમારું બહુમાન ને ભક્તિનો રાગ છે એનાથી પણ તારો ભગવાન ભિન્ન છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ભગવાન કેવળીનો અત્યારે વિરહ છે. કેવળજ્ઞાનનો વિરહ છે એને તું ભૂલી જા ને અનંતી કેવળજ્ઞાન પર્યાયની શક્તિ જેમાં ભરી છે એવા તારા ભગવાનને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર.

* જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. શુભાશુભ ભાવ એ તો અચેતન છે, જડ છે, તે રૂપે થાય તો જ્ઞાયકભાવ જડ થઈ જાય. આત્મા ચૈતન્ય જ્ઞાયક ભાવરૂપે હોવાથી શુભાશુભ ભાવરૂપે થતો નથી, તેથી અપ્રમત્ત–પ્રમત્તના ભેદો તે જ્ઞાયકભાવમાં નથી. જ્ઞાયકભાવ તો એક રસરૂપ ચૈતન્યરસરૂપે જ રહ્યો છે, શુભાશુભ ભાવના અચેતનરસરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ ચૈતન્યના પૂરનો ધ્રુવ પ્રવાહ છે, એ જ દ્રષ્ટિનો વિષય છે. તેમાં પુણ્ય–પાપના ભાવ છે જ નહિ, અપ્રમત્ત–પ્રમત્ત ગુણસ્થાનના ભેદ કે પર્યાય ભેદ તેમાં નથી. પણ એ તને જણાય કયારે ?–કે તું પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી જ્ઞાયકભાવ સન્મુખ થા ત્યારે શુદ્ધતાનો અનુભવ થાય છે ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે એમ ખરેખર જાણ્યું છે.

તારી પર્યાયમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો આદર થાય, સેવા થાય, સન્માન થાય, ચમત્કારીકતા લાગે, અધિકતા આવે ત્યારે પરદ્રવ્યનો સત્કાર, સન્માન, આદર, ચમત્કારીકતા છૂટી જાય ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે તેમ જાણવામાં આવે છે.

પ્રશ્ન :–સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ આત્માનો વિચાર ઉપયોગમાં ચાલે તે જ શુદ્ધ ઉપયોગ છે ને ?

ઉત્તર :–ના, શુદ્ધ આત્માનો વિચાર ચાલે એ શુદ્ધ ઉપયોગ નથી, એ તો રાગ મિશ્રિત વિચાર છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ ઉપયોગરૂપ પરિણામ થાય તે શુદ્ધ ઉપયોગ છે. જેમાં જ્ઞેય–જ્ઞાન–જ્ઞાતાના ભેદ છૂટીને એકલો અભેદરૂપ ચૈતન્યગોળો અનુભવમાં આવે છે તે શુદ્ધ ઉપયોગ છે.

* પ્રવચનસારની ગાથા ૮૦માં અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે છે તે આત્માને જાણે છે તેમ કહ્યું ને અહીં સમયસાર ગાથા ૧ માં કહ્યું કે જે અનંત સિદ્ધોને –સર્વજ્ઞોને પોતામાં સ્થાપે છે એટલે કે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તે શ્રુતકેવળી થશે એટલે કે સમ્યગ્દૃષ્ટિ થશે ને પછી કેવળી થશે એમ કહ્યું. આહાહા! ગજબ વાત કરી છે. જેણે એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધોને –સર્વજ્ઞોને સ્થાપ્યા છે, જાણ્યા છે, આદર કર્યો છે, એનું લક્ષ રાગમાંથી ખસીને જ્ઞાનસ્વભાવ સન્મુખ જ જાય છે એવા શ્રોતાના આત્મામાં અનંતા સિદ્ધોને સ્થાપું છું એમ કહ્યું છે. જે શ્રોતા પોતે અનંતા સિદ્ધોને પોતામાં સ્થાપે છે એને ગુરુ સ્થાપે છે તેમ કહેવાય છે. આહાહા! જેણે એક સમયની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરી છે તેણે પોતાને રાગથી ને સંસારથી ઉપાડી લીધો છે. જે પર્યાય અનંતા સિદ્ધોને પી ગઈ–જાણી લીધા એ પર્યાય દ્રવ્યને જાણવાને કામ કેમ ન કરે? જે પર્યાય અનંતા સિદ્ધોને સ્થાપે છે–જાણે છે તે પર્યાય દ્રવ્યમાં ઢળી જ જાય છે ને પોતાના દ્રવ્યને જાણે જ છે ને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય જ છે. આહાહા! જેણે પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે, જાણ્યા છે, એ તે કાંઈ સાધારણ વાત છે? જેણે અનંતા સિદ્ધોની સ્થાપના કરી એના શ્રદ્ધા જ્ઞાન દ્રવ્યસ્વભાવ ઉપર જ જાય છે ને તે સિદ્ધ થયા વિના રહે નહિ એવા શ્રોતાને શ્રોતા તરીખે લીધા છે. ભાઈ! તારો આત્મા તારી પર્યાયની સમીપમાં જ છે, તેને તું જો! તારી પર્યાયમાં અનંત સિદ્ધોની સ્થાપના કર તો તને તારી પર્યાયની તાકાત કેટલી છે તે ખબર પડે! જે શ્રોતા સિદ્ધોનું પર્યાયમાં સ્થાપન કરીને સાંભળે છે, વાંચે છે, વિચારે છે, એમાં એનું જ પોષણ ને પુષ્ટિ કરતાં કરતાં અલ્પ કાળમાં સિદ્ધ થઈ જવાના જ છે. આત્મા કેવો છે તે સમજાવતાં આચાર્ય–

*

દેવ કહે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્રને હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા એમ કહ્યું પણ કોઈની દયા પાળે, દાન આપે, વ્રત પાળે, તીર્થંકર ગોત્રનો શુભરાગ કરે, ગતિ કરે કે હાલે–ચાલે તે આત્મા એમ કહ્યું નથી. દર્શન–જ્ઞાન–ચારિત્રને હંમેશાં પ્રાપ્ત હોય તે આત્મા એમ ભેદથી કહીને અભેદ આત્મા બતાવે છે. કહેનાર કહે છે ભેદથી અને સાંભળનાર પણ સાંભળે છે ભેદથી, પણ બતાવનાર ગુરુ અને સાંભળનાર શિષ્યનું લક્ષ અભેદ આત્મા ઉપર છે. ભેદ ઉપર લક્ષ રાખવાનું નથી કે ભેદ બતાવવો નથી. ભેદથી પણ સમજાવવો છે અભેદ આત્મા, કે જે અનાદિ અનંત ચૈતન્યમૂર્તિ આનંદકંદ સ્વરૂપ પ્રભુ છે. દર્શન–જ્ઞાન–ચારિત્ર સ્વરૂપે પરિણમે છે તેથી દર્શન–જ્ઞાન–ચારિત્ર બતાવવા નથી, બતાવવો છે તો અભેદ આત્મા. દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે પ્રાપ્ત થાય તે આત્મા એમ નથી કહ્યું, પણ દર્શન–જ્ઞાન–ચારિત્રને જે હંમેશાં પ્રાપ્ત કરે–હોય તે આત્મા–એમ કહીને લક્ષ ને ધ્યેય આત્માનું કરાવવું છે. દર્શન–જ્ઞાન–ચારિત્રનો ભેદ બતાવવો નથી કે તેના ભેદ ઉપર લક્ષ રાખવું નથી. પરંતુ ભેદ દ્વારા અભેદ આત્માનું લક્ષ કરાવવું છે. અભેદ આત્મા ઉપર શ્રોતાનું લક્ષ જતાં તુરત જ હૃદય આનંદ તરંગોથી ઊછળે છે.

* જેમ કોરી માટલીમાં પાણીના ટીપાં પડતાં ટીપાં ચૂસાઈ જાય છે, ઉપર દેખાતાં નથી છતાં માટલીમાં પાણીના ટીપાંની ભીનાશ અંદર રહી છે. તેથી વધુ ટીપાં પડતાં માટલી ભીની થઈ જાય છે ને પાણી માટલી ઉપર દેખાય છે. તેમ જે જીવે સત્‌ની ઊંડી જિજ્ઞાસા કરીને સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે જીવને કદાચ વર્તમાનમાં પુરુષાર્થની કચાશ રહી જાય ને કાર્ય ન થાય તોપણ સત્‌ના ઊંડા નાખેલાં સંસ્કાર બીજી ગતિમાં પ્રગટ થશે, માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ.

* ક્રિયાકાંડની દ્રષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ–તપ–વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય, પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું, રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા–જ્ઞાનમાં ઘૂંટાય છે એ એના શ્રદ્ધા–જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધા–જ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા–જ્ઞાનને સાચા કર્યા વિનાના જે ત્યાગ–તપ–વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી.

અંદરમાં શ્રદ્ધા–જ્ઞાન–સ્વરૂપાચરણ–ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દ્રષ્ટિના આગ્રહ વાળાને તે દેખાતા નથી.

* અરે! અમે જેને મા કહેતા, બાપ કહેતા, ભાઈ કહેતા હતા એ મરીને ક્યાં ગયા હશે? અરે! માતાએ નવમાસ પેટમાં રાખી દુઃખ વેઠયા ને હું નાનો હતો ત્યારે મને કેવી કેવી રીતે ખવડાવ્યું, ધવરાવ્યું, નવરાવ્યું ને ખોળામાં ઝાડા–પેશાબ આદિ કરવા છતાં એ સ્નેહાળ મા મમતાથી જોતી. અરે! મને વ્હાલ કરનારા એ માતા–પિતા ક્યાં ગયા હશે? એમ વિચાર કરી વૈરાગ્ય લાવી પોતાનું હિત કરી લેવા જેવું છે. ભાઈ! આ વીતરાગે કહેલી વાતો મળવી બહુ દુર્લભ છે, તું પામી જા! બસ એક જ કરવાનું છે.

પ્રશ્ન :–દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને ગૌણ કરાવવામાં કેમ આવે છે?

ઉત્તર :–દ્રવ્યમાં પર્યાય નથી પણ વર્તમાન પ્રગટ પર્યાય છે તે પર્યાય પર્યાયમાં છે. સર્વથા પર્યાય નથી જ તેમ નથી. પર્યાય છે તેની ઉપેક્ષા કરીને, ગૌણ કરીને, નથી તેમ કહીને, પર્યાયનું લક્ષ છોડાવી દ્રવ્યનું લક્ષ ને દ્રષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. તેથી દ્રવ્યને મુખ્ય કરી ભૂતાર્થ છે તેની દ્રષ્ટિ કરાવવી છે ને પર્યાયની ઉપેક્ષા કરી ગૌણ કરી પર્યાય નથી, અસત્યાર્થ છે તેમ કહી તેનું લક્ષ છોડાવ્યું છે. પણ પર્યાય સર્વથા જ ન હોય તો ગૌણ કરવાનું પણ ક્યાં રહે છે? દ્રવ્ય ને પર્યાય બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણજ્ઞાનનો વિષય છે.

* સ્વરૂપની લીલા જાત્યાંતર છે. મુનિની દશા અલૌકિક જાત્યાંતર છે. મુનિરાજ સ્વરૂપના બાગમાં લીલા કરતાં કરતાં એટલે કે સ્વરૂપના બાગમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે છે. દુઃખી થતાં થતાં નહિ પણ સ્વરૂપમાં રમતાં રમતાં કર્મનો નાશ કરે એવી તેમની જાત્યાંતર દશા છે–લીલા છે. સ્વરૂપ જ જેનું આસન છે, સ્વરૂપ જ જેની બેઠક છે, સ્વરૂપ જ જેનો આહાર છે, સ્વરૂપ જ જેનું વિચરવું છે, સ્વરૂપ જ જેની લીલા છે, અંતરના આનંદની રમતુંમાં ચડયો તેની લીલા જાત્યાંતર છે. અરે! સમ્યગ્દ્રષ્ટિની લીલા પણ જાત્યાંતર છે. કોઈ સમ્યગ્દ્રષ્ટિ લડાઈમાં હોય ને ત્યાંથી ઘેર આવી ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પ આનંદને અનુભવે છે. અરે! કોઈવાર લડાઈના પ્રસંગમાં હોય ને વખત મળતાં ધ્યાનમાં આવી જાય. અરે! સંસારના અશુભ ભાવમાં પડયા હોય ને ત્યાંથી ખસીને બીજી ક્ષણે ધ્યાનમાં બેસતાં નિર્વિકલ્પતા આવી જાય છે. એ વસ્તુ અંદર પડી છે તેના મહાત્મ્યના જોરથી નિર્વિકલ્પતા આવી જાય છે. આહાહા! રાગની ભિન્નતા થઈને, સ્વરૂપની એકતા થઈને, આનંદના ખજાનાના તાળા ખુલી ગયા છે એ અશુભ

ભાવના પ્રસંગમાંથી ખસીને ધ્યાનમાં નિર્વિકલ્પ આનંદમાં આવી જાય છે. એ બધો ચમત્કાર પૂર્ણાનંદનો નાથ જાગ્યો તેનો છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદનો નાથ આખો કબજે થઈ ગયો છે એ એની જાત્યાંતર લીલા છે. અરે! કોઈ જીવ નિગોદમાંથી નિકળીને આઠ વર્ષે સમ્યક્દર્શન પામી તુરત મુનિ થઈ સ્વરૂપમાં એકાગ્ર થતાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં દેહ છૂટતાં સિદ્ધ થઈ જાય. આહાહા! સ્વરૂપની જાત્યાંતર લીલા જ કોઈ અદ્‌ભુત છે અને સમ્યગ્દર્શન વિનાના વ્રત કરે, તપ કરે, ઘરબાર છોડી મુનિ થાય, તોપણ એની લીલા જાત્યાંતર નથી, સંસારની લીલા હતી તેની તે જ છે.

* આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે, તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલ્ટીને સ્વમાં આવી શકતો નથી. પાપ ભાવોની રુચિમાં પડયા છે તેની તો શું વાત! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલ્ટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલા પરની રુચિ પલ્ટાવવાથી ઉપયોગ પર તરફથી પલ્ટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.

* લોકાકાશના અસંખ્ય પ્રદેશ જેટલા એક જીવના અસંખ્ય પ્રદેશ છે. લોકના અસંખ્યાતમાં ભાગના અસંખ્ય પ્રદેશમાં જીવના અસંખ્ય પ્રદેશ રહી શકે પણ લોકાકાશના એક પ્રદેશમાં જીવના અસંખ્ય પ્રદેશ રહી ન શકે. લોકાકાશના એક પ્રદેશમાં અનંત જીવના અસંખ્યાતમાં ભાગના અસંખ્ય પ્રદેશ રહી શકે એવું આકાશનો અવગાહન સ્વભાવ છે.

* આત્મામાં અનંતા ગુણો છે તે એક ગુણ ઉપર બીજો ગુણ રહે એમ થોકબંધ રહ્યાં નથી પણ એક એક ગુણમાં અનંત ગુણો વ્યાપક થઈને રહ્યાં છે. અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણો એક સાથે વ્યાપક થઈને રહ્યાં છે. છતાં એક ગુણ બીજા ગુણ રૂપે થતો નથી, ભિન્ન ભિન્ન સ્વરૂપે રહ્યાં છે. અરે! એક પરમાણુમાં પણ અનંત ગુણો છે, એકમાં અનંત વ્યાપક થઈને રહ્યાં છે. સ્પર્શ તે રસરૂપે ન થાય, રસ તે ગંધરૂપે ન થાય. દરેક ભિન્ન ભિન્ન સ્વરૂપે રહ્યાં છે. અહો! આવા વસ્તુના આશ્ચર્યકારી સ્વભાવને દેખે તો એનો મોહ મરી જાય એવી વાત છે.

* જિજ્ઞાસુને ભૂમિકા અનુસાર શુભાશુભ પરિણામ તો આવશે જ. રાગને છોડું, છોડું, એમ રાગ ઉપર દ્રષ્ટિ રાખવાથી રાગ છૂટશે નહિ. માટે એકદમ ઉતાવળ કરવી નહિ, ઉતાવળ કરતાં રાગ છૂટશે નહિ ને ઉલ્ટી મુંઝવણ વધી જશે. રાગ છોડું, છોડું, એમ નાસ્તિ પક્ષમાં ઉભા રહીને રાગ છૂટશે નહિ. ને મુંઝવણ થશે અને સ્વભાવના અસ્તિ પક્ષનો યથાર્થ પુરુષાર્થ ઉપાડતાં રાગ સહજ છૂટી જશે.

[ ધીરજથી વસ્તુના... પાનું ૩૫ થી ચાલુ ]

જ્ઞાન થઈ ગયું છે. મુમુક્ષુ જીવને વાંચન–શ્રવણનો વિકલ્પ આવે પણ તેમાં સંતોષાઈ ન જાય, મારે કરવાનું છે એ તો છે બાકી છે. ભક્તિ આદિના ભાવો આવે પણ તેમાં રોકાઈ ન જાય, સંતોષાઈ ન જાય પણ ઊંડાણથી ખટક રહ્યા જ કરે કે મારે જે કરવાનું છે તે બાકી છે. રાગથી ભિન્ન પડી નિર્વિકલ્પ અનુભવ કરવો એ કરવાનું છે. જે મુમુક્ષુ હોય, સત્‌નો જિજ્ઞાસુ હોય તે શ્રવણ–વાંચન, પૂજા–ભક્તિ આદિમાં સંતોષાઈ ન જાય. પરંતુ મારે ઘણું કરવાનું બાકી છે એવી ઊંડી ખટક મુમુક્ષુને રહ્યાં જ કરે છે. તેથી બહારમાં તેને ક્યાંય સંતોષ થતો નથી. અંદર જ્ઞાયક ચીજ છે તે તેને હાથ આવતી નથી તેથી મુંઝવણ તો થાય પણ ધીરજ રાખીને અંદર જવાનો પ્રયત્ન રાખે. મુંઝવણમાં પણ વસ્તુ તરફનું વલણ કરીને માર્ગ શોધી કાઢે છે, પ્રયત્ન કરીને માર્ગ શોધી કાઢે છે.

મુમુક્ષુ શુભભાવમાં હોય પણ તેમાં સંતોષાઈ ન જાય. ભાઈ! તારે કરવાનું તો બાકી છે એમ અંતરમાં ખટક રાખીને અંદર જવાનો પ્રયત્ન કરજે, તારી મુંઝવણ ટળી જશે.

## જિન-આજ્ઞાને મુખ્ય રાખી પરીક્ષા કરજે

સર્વજ્ઞની આજ્ઞા માનીને પરીક્ષા કરજે, એકલી પરીક્ષા કરવા જઈશ તો ભ્રષ્ટ થઈ જઈશ. જિનશાસનમાં કહેલાં પદાર્થોના સ્વભાવની ગંભીરતા, ક્ષેત્ર સ્વભાવની ગંભીરતા, કાળ સ્વભાવની ગંભીરતા, અનંત ભાવોના સ્વભાવની ગંભીરતા, એ ગંભીર ને સૂક્ષ્મ સ્વભાવી પદાર્થોને જિનઆજ્ઞાથી પ્રમાણ કરજે. અલ્પબુદ્ધિનો ધારક જીવ એકલી પરીક્ષા કરવા જશે તો જિનમતથી ચ્યુત થઈ જવાનો મોટો દોષ થશે. જિન–આજ્ઞાને મુખ્ય રાખીને બને તેટલી પરીક્ષા કરવામાં દોષ નથી. એકલી આજ્ઞાથી જ માને અને પરીક્ષા કરે જ નહિ તોપણ નિર્ણય સાચો નહિ થાય ને બીજો બીજી વાત કરશે તો ફરી જશે. માટે પરીક્ષા કરીને નિર્ણય કરજે પણ જિન–આજ્ઞાને મુખ્ય રાખજે.

[ પૂજ્ય ગુરુદેવશ્રી, સૂત્રપાહુડમાંથી ]

# શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

[ મિટિંગ સંબંધી સૂચના ] તા. ૧–૮–૭૮

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ/સમાજ મુ......................

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે આ વર્ષે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મિટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધીઓને હાજર રહેવા સૂચના આપશોજી.

## એજન્ડા

( ૧ ) સને ૧૯૭૭–૭૮ વર્ષના વાર્ષિક હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજુર કરવા.
( ૨ ) સને ૧૯૭૮–૭૯ ના વર્ષ માટેના નવાં બજેટો મંજૂર કરવા.
( ૩ ) માનનીય પ્રમુખ સાહેબની મંજુરીથી જે કાંઈ રજૂ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૨૬–૮–૭૮ | શનિવાર | ૯–૧૫ થી ૯–૪૫ |
| શ્રી કાર્યવાહક કમિટિની મિટિંગ | ૨૬–૮–૭૮ | શનિવાર | સવારે ૯–૪૫ |
| શ્રી સામાન્ય સભા | ૨૭–૮–૭૮ | રવિવાર | સવારે ૯–૧૫ |
| શ્રી ટ્રસ્ટીઓની મિટિંગ | ૨૭–૮–૭૮ | રવિવાર | બપોરે ૪–૧૫ |

આ ઉપરાંત શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ, સોનગઢની વાર્ષિક મિટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

શ્રાવણ વદ ૮, શનિવાર, તા. ૨૬–૮–૭૮, સાંજે ૪–૧૫ વાગે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મિટિંગ.

શ્રાવણ વદ ૯, રવિવાર, તા. ૨૭–૮–૭૮, સવારે ૯–૪૫ શ્રી સામાન્ય સભા.

નોંધ :– બધી મિટિંગોનું સ્થળ :–પ્રવચન–મંડપ.

લિ.
મલુકચંદ છોટાલાલ શાહ, મંત્રી
શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ,
સોનગઢ

લિ.
ટ્રસ્ટીઓ
શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ,
સોનગઢ

## વૈરાગ્ય સમાચાર :-

દામનગરનિવાસી શ્રી મનજીભાઈ વેલશીભાઈ ભાવસાર (વર્ષ–૬૧) તા.૮–૧–૭૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ લાભ લેવા આવતા હતા. અંતિમ સ્થિતિ સુધી તત્ત્વચિંતવન કરતા રહ્યા હતા. તેમને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

નાઈરોબી (આફ્રીકા) નિવાસી મુમુક્ષુ શ્રી વેલજીભાઈ કરમશી ચંદરીયા (વર્ષ ૬૮) તા. ૧૮–૬–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. સદ્ગત આત્મા વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

રાજકોટના રહીશ રતીલાલ પ્રેમચંદ શાહની પુત્રવધુ સરોજબેન મનોજકુમાર (વર્ષ ૨૪) તા. ૧૨–૬–૭૮ ના રોજ મુંબઈમાં સ્વર્ગવાસ પામેલ છે. સદ્ગત દિગંબર જૈનધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

### ગતાંકની શુદ્ધિ:-

| પાનું | લાઈન | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨ | ૨૮ | અપરિણમિત | અપરિમિત |
| ૯ | ૧૪ | એમ | અમે |
| ૧૫ | ૨ | અનંત | અસંખ્ય |
| ૩૧ | ૬ | અનંત | અંત |
| ૩૨ | ૪ | નિર્વિકલ્પના થતા | નિર્વિકલ્પતા થતી |

### આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ (ગતાંકથી ચાલુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૭૭ | શ્રી મહેન્દ્રકુમાર પ્રભુલાલ સપાણી | મદ્રાસ | ૬૮૯ | શ્રી પુષ્પાબેન હરીલાલ શાહ | અમદાવાદ |
| ૬૭૮ | શ્રી ગંગાબેન વેલાજી ભીમાજી | નાઈરોબી | ૬૯૦ | શ્રી રમેશચંદ્ર છબીલદાસ વારૈયા | મહુવા |
| ૬૭૯ | શ્રી જયસુખલાલ શાંતિલાલ ખારડીયા | મુંબઈ | ૬૯૧ | બ્ર. શ્રી કંચનબેન છોટાલાલ | સોનગઢ |
| ૬૮૦ | શ્રી ભોગીલાલ કાંતિલાલ | તલોદ | ૬૯૨ | શ્રી લાભુબેન જગજીવનદાસ જોંસા | દીલ્હી |
| ૬૮૧ | શ્રી સિદ્ધાર્થ વસંતલાલ તલાટી | મુંબઈ | ૬૯૩ | શ્રી પ્રવીણચંદ્ર પ્રેમચંદ ભાયાણી | મુંબઈ |
| ૬૮૨ | શ્રી વી. પી. ગઢકા | નાઈરોબી | ૬૯૪ | શ્રી દિનેશચંદ્ર કેશવલાલ શાહ | જલગાંવ |
| ૬૮૩ | શ્રી મગનલાલ પોપટલાલ કામદાર | વીસાવદર | ૬૯૫ | શ્રી મણીલાલ જેઠાલાલ શેઠ | મુંબઈ |
| ૬૮૪ | શ્રી જગદીશભાઈ ચીમનલાલ મોદી | મુંબઈ | ૬૯૬ | શ્રી સરોજબેન પ્રફૂલચન્દ્ર શાહ | નાઈરોબી |
| ૬૮૫ | શ્રી રતનમતી જૈન | ન્યુ દીલ્હી | ૬૯૭ | શ્રી સંજય પ્રફૂલચંદ્ર દોશી | મુંબઈ |
| ૬૮૬ | શ્રી જ્યોતિન્દ્ર રમણીકલાલ દોશી | મુંબઈ | ૬૯૮ | શ્રી તરુલત્તા નવીનચંદ્ર શાહ | નાઈરોબી |
| ૬૮૭ | શ્રી શાંતિલાલ કસ્તુરચંદ જોબાલીયા | મુંબઈ | ૬૯૯ | શ્રી રંભાબેન શાંતિલાલ શાહ | નાઈરોબી |
| ૬૮૮ | શ્રી હર્ષદરાય નાનચંદભાઈ ખારા | મુંબઈ | | આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/– | (ક્રમશઃ) |

## ❀ નાઈરોબી ( કેન્યા–આફ્રિકા )માં ધર્મપ્રભાવના ❀

નાઈરોબીમાં ભગવાન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિન મંદિરનો શિલાન્યાસ વિધિ જેઠ સુદ ૧૧ ને શનિવારના રોજ વિદ્વાન શ્રી લાલચંદભાઈ મોદી તથા વિદ્વાન શ્રી બાબુભાઈ મહેતા ( ફતેપુર )ની ઉપસ્થિતિમાં નાઈરોબી મુમુક્ષુમંડળના ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ દેવનના શુભ હસ્તે થયો. લગભગ ૨૦૦૦ જૈન–જૈનેતર જિજ્ઞાસુ ભાઈ–બહેનોની ઉપસ્થિતિમાં અતિ ઉલ્લાસથી આ પ્રસંગ ઉજવાયો હતો. નાઇરોબીમાં લગભગ ૬૦ થી વિશેષ ઘર મુમુક્ષુઓના છે, બન્ને વિદ્વાનોના ૨૦ દિવસના અધ્યાત્મપૂર્ણ પ્રવચનો તથા ચર્ચાના કાર્યક્રમથી ઘણી ધર્મપ્રભાવના થઈ છે.

## ❀ જૈનદર્શન–શિક્ષણશિબિર ❀

દર વર્ષની જેમ સોનગઢમાં પ્રૌઢ વયના ભાઈઓ માટે જૈનદર્શન શિક્ષણશિબિર શ્રાવણ સુદ બારસ, મંગળવાર, તા. ૧૫–૮–૭૮ થી ભાદરવા સુદ એકમ, રવિવાર, તા. ૩–૯–૭૮ સુધી ચાલશે. શિક્ષણશિબિરમાં નીચે મુજબ પુસ્તકો ચાલશે માટે સૌ ભાઈઓએ પુસ્તકો સાથે લાવવા સૂચના છે.

ઉત્તમ વર્ગ :–શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક તથા શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા.
મધ્યમવર્ગ :–શ્રી દ્રવ્યસંગ્રહ તથા શ્રી જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા.
જઘન્ય વર્ગ :–શ્રી છઢાળા તથા શ્રી લઘુ જૈનસિદ્ધાંત પ્રવેશિકા.

## ❀ જૈનદર્શન–પ્રવચનકાર–શિક્ષણશિબિર ❀

ગત વર્ષની જેમ સોનગઢમાં તા. ૧૫–૮–૭૮ થી તા. ૩–૯–૭૮ સુધી પ્રવચનકારો માટે શિક્ષણશિબિર રાખવામાં આવેલ છે, માટે સર્વે પ્રવચનકારોને આ શિક્ષણશિબિરમાં ભાગ લેવા માટે સોનગઢ પધારવા સંસ્થા તરફથી આમંત્રણ છે.

## ❀ ઘરે બેઠાં પ્રવચન યોજના ❀

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના આધ્યાત્મિક પ્રવચનો સાંભળવાનો લાભ ઘરે બેઠા મેળવવા ઈચ્છતા મુમુક્ષુઓએ ‘એન. સી. ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ’ના નામે ડીપોઝીટ રૂા. ૨૦૦/– મોકલવા. દરેક વખતે કુલ બાર પ્રવચનનોની સ્પૂલ ટાઈપની ટેપરીલ મોકલવામાં આવશે. એક પ્રવચનનું એક માસનું ઘસારા ભાડું પચાસ પૈસા લેવામાં આવશે. આ યોજનામાં ૭" ના તથા ૫" ના રીલની વ્યવસ્થા કરવામાં આવી છે, કેસેટની કોઈ વ્યવસ્થા નથી. દરેક પ્રવચન ૧-૭/૮"ની સ્પીડમાં તથા ચાર ટ્રેકમાં ઉતારેલા છે. એડ્રેસ :–‘ઘરે બેઠા પ્રવચન યોજના’, C/o શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પિન : ૩૬૪૨૫૦

[ ચાલો સોનગઢ... પાનું ૩૪ થી ચાલુ ]

દિવસોના ધાર્મિક મહોત્સવનો લાભ લેવા પત્રો લખી બોલાવેલ છે. તમે એકવાર આ શિક્ષણવર્ગમાં મારી સાથે આવશો તો તમને થશે કે હવેથી વરસોવરસ શિક્ષણવર્ગ વખતે સોનગઢ પહોંચી જવું. સારા કાળમાં ભગવાનની પાવનકારી ઉપસ્થિતિમાં ધર્મ પ્રેમીઓનું જે ધાર્મિક વાતાવરણ હોય તેનો નમુનો જોવો હોય તો બધો વિચાર છોડીને મારી સાથે જ નીકળવાનું રાખજો. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન–ચર્ચાનો અપૂર્વ લાભ મળવા ઉપરાંત બે વખત શિક્ષણ વર્ગના કલાસ ચાલશે તથા બે વખત પ્રવચનકાર માટેના કલાસ ચાલશે. તદ્ઉપરાંત પોતપોતાના ભિન્ન ભિન્ન ક્ષયોપશમ અનુસાર ભિન્ન ભિન્ન વિષય ઉપર અનેક પ્રખર વિદ્વાનોના વાંચનો વહેલી સવારથી માંડીને રાત્રે દસ વાગ્યા સુધી ચાલતાં રહે છે. આ ઉપરાંત એક મુખ્ય વાત તો તમને કહેવાની રહી જ ગઈ કે છ–ખંડના સામ્રાજય કરતાં પણ અણમૂલી વસ્તુ એવા આત્મતત્ત્વને બતાવનારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી પણ જેમના જ્ઞાનવૈરાગ્યની ખૂબ ખૂબ પ્રશંસા કરતાં જેમને 'ધર્મરત્ન' કહે છે એવા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૫ મી જન્મજયંતી મહોત્સવ ઉજવવાનો પણ લ્હાવો મળશે. એ પ્રસંગે ગામોગામથી મુમુક્ષુઓના ટોળેટોળા ઉમટી આવે છે અને ત્રણ દિવસનો આ મંગલકારી મહોત્સવ ઘાટકોપરની ભજન મંડળીના ભક્તિ આદિના ઉલ્લાસભર્યા કાર્યક્રમોથી ઉજવાય છે. માટે કાંઈ પણ બીજા વિકલ્પો કર્યા વિના મારી સાથે જ વહેલા આવવાનું રાખશો.

**લક્ષ્મીચંદભાઈ** :–ભાઈ! તમારી વાત સાંભળીને હું બહુ ખુશી થયો છું. શ્રાવણ વદ બીજ ઉપર પહોંચવા માટે ઘરના સૌની પણ ટિકિટ મંગાવી લઉં છું હો!

**ધરમચંદભાઈ** :–વાહ ભાઈ વાહ! સૌ એ આ જન્મજયંતી મહોત્સવ ઉજવવાનો અપૂર્વ લ્હાવો લેવા સોનગઢ પહોંચી જવા જેવું છે. જગતના જીવો પૈસા વધે છે ત્યારે ઇંગ્લેન્ડને અમેરિકા આદિ દેશો જોવા તેને જીવનનો લ્હાવો સમજે છે, પણ ખરેખર એ તો મનુષ્ય જીવનનો દુર્લભ કાળ ગુમાવે છે. પરંતુ મુમુક્ષુઓ તો આત્મરુચિ ને રસ વધતાં સંતોના શરણમાં આવીને આશ્ચર્યકારી આત્મતત્ત્વની અગાધ શક્તિઓના અધ્યાત્મ વૈભવોને સાંભળવા–સમજવા એ જ માનવજીવનનો અણમૂલો લ્હાવો સમજે છે. એ લ્હાવો જ લેવા જેવું છે. ઠીક ત્યારે, ફોન મૂકું છું. વિશેષ રૂબરૂ મળીશું ત્યારે જ્ઞાનવાર્તા કરીશું.

---

પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં બિરાજી રહ્યાં છે, સ્વાસ્થ્ય સારું છે. સવારે શ્રી સમયસાર શાત્ર ઉપર તથા બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મઘોલનથી ભરપૂર પ્રવચનો ચાલી રહ્યાં છે.

# ચાલો શિક્ષણશિબિરમાં ભાગ લેવા ૬૫ મી જન્મજયંતી ઉજવવા સોનગઢ જઈએ

**લક્ષ્મીચંદભાઈ :–**( ફોનમાં ) હલ્લો, કોણ બોલો છો ભાઈ ?

**ધરમચંદભાઈ :–**હું ધરમચંદ બોલું છું, ભાઈ, હું તો તા. ૧૨–૮–૭૮ ના રોજ સોનગઢ જઈ રહ્યો છું, તમારે આવવું હોય તો ટિકિટ સાથે મંગાવી લઉં–તેથી તમને ફોન કર્યો છે.

**લક્ષ્મીચંદભાઈ :–**સોનગઢનું નામ સાંભળતાં જ ઘડીક તો બધીય જંજાળ ભૂલીને ત્યાં જવાનું મન થઈ જાય છે. પણ હા, હજુ તો આપણે સોનગઢ ઘણું રહીને હમણાં જ આવ્યા ત્યાં આ એકાએક સોનગઢ જવાનો વિચાર કેમ કર્યો ?

**ધરમચંદભાઈ :–**તમને અહીં આવીને ધંધા આડે આત્મધર્મ જોવાનીયે ફુરસદ મળી લાગતી નથી ! અરે ભાઈ ! સોનગઢમાં તા. ૧૫–૮–૭૮ થી તા. ૩–૯–૭૮ સુધી ૨૦ દિવસ માટે પ્રૌઢશિક્ષણ વર્ગ તથા પ્રવચનકાર શિક્ષણ શિબિર ચાલશે. હિન્દુસ્તાનભરના અનેક રાજ્યોમાંથી હજારથી પણ વધુ પુરુષો આ શિક્ષણવર્ગનો લાભ લેવા આવે છે. શિક્ષણ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા સૌ ભાઈઓને રહેવાની તથા જમવાની સુંદર વ્યવસ્થા આપણી સંસ્થા તરફથી આપવામાં આવે છે. આ શિક્ષણ વર્ગમાં હિન્દીભાષી ભાઈઓ વિશેષ આવતાં હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનાં બંને સમયના પ્રવચનો તથા રાત્રિચર્ચા હિન્દીમાં થાય છે. આત્મસ્વરૂપને જાણવા ને પામવાની ઝંખનાવાળા જિજ્ઞાસુઓના ટોળેટોળા દેખીને પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મમસ્તી ખૂબ જ ઊછળતી હોય છે. કોઈ પણ પડખેથી જિજ્ઞાસુને આત્મતત્ત્વ વિશે આશંકા ન રહી જાય ને આત્મતત્ત્વ પામી જાય તે માટે પ્રવચનમાં અનેક પડખેથી અધ્યાત્મના ગહન રહસ્યોને પૂજ્ય ગુરુદેવશ્રી સમજાવતાં હોય છે.

**લક્ષ્મીચંદભાઈ :–**તમારી વાત સાંભળીને તો એમ થાય છે કે તમારી સાથે જ નીકળું, પણ આ...

**ધરમચંદભાઈ :–**અરે ભાઈ ! ‘પણ આ, પણ આ’–માં જ આવો અપૂર્વ અવસર ગુમાવી દેવો છે કે શું ? મેં તો મારા ઘણા સ્નેહી સંબંધી અને મિત્રોને આ ૨૦

[ અનુસંધાન પાનું ૩૩ ઉપર ]

## ધીરજથી વસ્તુના લક્ષે અંદર જવાનો પ્રયત્ન કર

'જેને લાગી છે તેને જ લાગી છે'.....પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશીલ છે, કૂટસ્થ નથી; શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવા જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી. મુમુક્ષુ જીવ ઉલ્લાસનાં કાર્યોમાં પણ જોડાય. સાથે સાથે અંદરથી ઊંડાણમાં ખટક રહ્યા જ કરે, સંતોષ ન થાય. હજુ મારે જે કરવાનું છે તે બાકી રહી જાય છે-એવી ઊંડી ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેથી બહારમાં ક્યાંય તેને સંતોષ થતો નથી; અને અંદર જ્ઞાયકવસ્તુ હાથ આવતી નથી, એટલે મૂંઝવણ તો થાય; પણ આડો-અવળો નહિ જતાં મુંઝવણમાંથી તે માર્ગ શોધી કાઢે છે. ૩૩.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

જેને લાગી છે તેને જ લાગી છે. પૂરણ સ્વરૂપની રુચિ લાગી છે, પૂરણ સ્વભાવ જેને પોષાય છે તેને લાગી છે. પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ કૂટસ્થ નથી, પરિણમનશીલ છે, શુભાશુભ પરિણામ તો થશે, તેને છોડવા જઈશ તો શુષ્ક થઈ જઈશ. શુભાશુભ તો આવશે, ત્યાં તેને છોડું એ તો દ્રષ્ટિ રાગ ઉપર ગઈ. એ પરિણમન છે તે છૂટશે નહીં ને આ બાજુ દ્રષ્ટિ વળી નથી તેથી શુષ્ક થઈ જશે.

રાગાદિ ભાવ આત્માનો અંશ નથી ને રાગાદિ ભાવ આત્માનો વંશ નથી. વંશ તો, પ્રભુ આનંદ સ્વરૂપ છે, તે તેનો વંશ છે. રાગ આવે પણ તે તેનો વંશ નથી તેથી તેનો આદર નથી. અહીં કહે છે કે સ્વરૂપની દ્રષ્ટિ નથી ને શુભાશુભને છોડવા જઈશ ત્યાં જ્ઞાન શુષ્ક થઈ જશે. માટે રાગને છોડું, રાગને છોડું–એમ ઉતાવળો થઈ જશે તો મૂંઝાઈ જશે. તેથી ધીરજ રાખીને કામ લેજે. અંદરમાં તો અંતમુહૂર્તમાં દ્રષ્ટિ સહિત કેવળજ્ઞાન થાય, પણ વસ્તુની દ્રષ્ટિ નથી ને એકદમ શુભાશુભ છોડવા જાય તો તે હઠશે નહીં ને મૂંઝવણ થશે.

તેથી મુમુક્ષુ જીવ ઉલ્લાસના કાર્યોમાં જોડાય પણ ઊંડાણમાં તો ખટક રહ્યા જ કરે. તેમાં સંતુષ્ટ ન થઈ જાય કે આપણે રોજ આઠ–દસ કલાક વાંચીએ છીએ માટે

[ અનુ. પાના નં. ૨૯ ઉપર ]

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

## મુનિશ્વરોની આશ્ચર્યકારી ૠદ્ધિઓનું સ્વરૂપ

આત્મવિશુદ્ધના પ્રભાવથી મુનિશ્વરોને જગતજીવોને આશ્ચર્ય ઉપજાવે તેવી અનેક પ્રકારની ૠદ્ધિઓ સહજ જ ઉત્પન્ન થાય છે. મુનિશ્વરોને પોતાને પ્રાપ્ત ૠદ્ધિઓથી કંઈ પ્રયોજન હોતું નથી, અત્યંત નિસ્પૃહ હોય છે. મુનિશ્વરોની ૠદ્ધિઓ અનેક પ્રકારે ધર્મ પ્રભાવનાનું કારણ થાય છે. તેમાંની કેટલીક ૠદ્ધિઓનું વર્ણન ભગવતી આરાધનામાંથી અહીં આપવામાં આવેલ છે.

(૧) અક્ષીણ મહાન ક્ષેત્રૠદ્ધિ :–લાભાંતરાયના પ્રકૃષ્ટ ક્ષયોપશમથી અતિ સંયમવાન મુનિને જે પાત્રમાંથી ભોજન આપે તે પાત્રમાંથી ચક્રવર્તીનું સમસ્ત સૈન્ય ભોજન કરે તોપણ તે દિવસે તે પાત્રમાંથી ભોજન સામગ્રી ઘટે નહિ તે અક્ષીણ મહાન ક્ષેત્રૠદ્ધિ છે.

(૨) અક્ષીણ મહાલય ક્ષેત્રૠદ્ધિ :–જે ૠદ્ધિને પ્રાપ્ત મુનિશ્વર જે સ્થાનમાં બેસે ત્યાં દેવ, મનુષ્ય, તિર્યંચ આદિ ઘણા જીવો આવીને બેસે તોપણ તે ક્ષેત્ર સાંકડું ન પડે, તેમજ પરસ્પર બાધા ન થાય તે ૠદ્ધિને અક્ષીણ મહાલય ક્ષેત્રૠદ્ધિ કહે છે.

(૩) સંભિન્ન શ્રોતૃત્વૠદ્ધિ :–સંયમીઓની મધ્યમાં કોઈ સંયમીને તપવિશેષના બળથી સમસ્ત આત્મપ્રદેશમાં શ્રોતેન્દ્રિયના પરિણામસ્વરૂપ શ્રવણ કરવામાં સમર્થ એવી શક્તિ પ્રગટ થાય છે. તેથી ચક્રવર્તીની છાવણી જે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી પડી હોય તેમાં હાથી, ઘોડા, ઊંટ, મનુષ્યાદિના જુદા જુદા પ્રકારના અક્ષર–અનક્ષરાત્મક શબ્દો–જે એક જ વખતે એક જ સાથે અનેક પ્રકારના ઉપજે તે સર્વને એક જ વખતે સાંભળવાનું સામર્થ્ય પ્રગટ થવું તેને સંભિન્ન શ્રોતૃત્વૠદ્ધિ કહે છે.

(૪) દૂરસ્પર્શન સમર્થતાૠદ્ધિ :–સ્પર્શેન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય નવયોજન પ્રમાણ છે. તેનાથી પણ ઘણા યોજનો દૂર રહેલી વસ્તુને જાણવાના સામર્થ્યને દૂરસ્પર્શન સમર્થતાૠદ્ધિ કહે છે.

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૨)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૫૫૦